સર્વ હક્ક લેખકને સ્વાધિન છે.

લેખક અને પ્રકાશક,
**ભગવાનજી જગજીવનદાસ કપાસી.**

પ્રત ૨૦૦૦ ] [ સંવત ૧૯૯૨

મુદ્રક, સત્યેન્દ્ર મણીલાલ પટેલ.
મુદ્રણસ્થાન, ઇશ્વર પ્રીન્ટીંગ પ્રેસ.
૩૧૨૪. ગાંધીરોડ, અમદાવાદ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# લેખકનું નિવેદન.

વાંચક વર્ગને આધુનિક યુગમાં પ્રગટ થતાં પુસ્તક-પુસ્તીકાઓ જોતાં આ નાનકડી પુસ્તિકા કોઇ જુદાજ સ્વરૂપમાં જણાયા વિના રહેશે નહિં.

આ પુસ્તકમાં પ્રગટ થયેલ લખાણ 'વીરશાસન' પત્રદ્વારા જુદા જુદા લેખાંકો તરીકે પ્રગટ થઇ ચૂકેલ છે. પરંતુ એ પત્રનો વાંચકવર્ગ નહિં એવો સમાજનો એક ભાગ આવી અગત્યની બીનાથી અજાણ રહે એ કેમ પાલવે ? એટલે આ કોમળ કુસુમ સમાજના ચરણે ધરવામાં આવે છે. આ પુસ્તિકા દ્વારા, આજે સમાજમાં "જૈન જ્યોતિ"ના તંત્રી મી. ધીરજલાલ ટોકરશી શાહ સુધારકનો સ્વાંગ સજી પોતાના પત્રકારિત્વ સાધનના ઓઠે કેટલા દંભ અને જુઠને પોષો રહ્યા છે તેનો હુબહુ ચિતાર સમાજના માનસમાં ઉતારવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

આ પુસ્તિકાના પ્રકાશનનું નીમિત્ત ભાઈ ધીરજલાલના વડોદરા રાજ્યે ત્રણ વર્ષ પર કરેલા શ્રી સંન્યાસ દિક્ષા નિયામક નિબંધ માટેના વિચારો છે, જે માટે ભાઇ ધીરજલાલે તંત્રીસ્થાનેથી જે "જૈન જ્યોતિ"માં એક સમયે વડોદરા રાજ્ય સામે આ નિંબધ માટે કટ્ટર પ્રહારો કરેલા છે અને એ કાનુન પાશવી રાજસત્તાના પશુ બળે કર્યાનું જણાવેલ છે. અને જૈન સમાજને કોઇપણ ભોગે એનો વિરોધ કરવાની હાકલ કરે છે તેમજ તેમજ તેના વિરોધ કરનાર માત્ર મુઠ્ઠીભર માણસો જણાવી તેમની દયા ખાય છે તેજ ભાઇ ધીરજલાલ જાતે બે વર્ષ બાદ જ્યારે આ વસ્તુસ્થિતિથી તદ્દન ઉલ્ટીજ રીતે લખી રહ્યા છે ત્યારે સમાજના સમજુ વર્ગમાં એ પ્રશ્ન સ્હેજે ઉદ્ભવે છે કે તેઓએ કાંતો ભૂતકાળમાં લખેલ બીના સત્ય હતી અને વર્તમાનમાં લખાતી બીના કોઇ સ્વાર્થના પોષણ માટેજ લખી રહ્યા છે એમ કબુલ કરવુંજ પડશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એટલે સમાજથી એમનું આ અક્ષમ્ય પરિવર્તન અજાણમાં ન રહી જાય એ માટે આ લેખાંકોને પુસ્તિકારૂપે ગુંથી સમાજ સમક્ષ રજુ કરવામાં આવે છે.

આ લેખમાળા પ્રગટ થવા માંડી ત્યાર પછીના "જૈન જ્યોતિ"ના અંકો વાંચનારને માલુમ પડશે કે ભાઇ ધીરજલાલ દલીલોના અભાવે કેટલી ગાળાગાળી જેટલી હદે પહોંચી ગયા છે અને ઇર્ષાની આગ કેમ સંતોષવી એ માટે ઉંચાનીચા થઇ ગયા છે. તેઓને તેમ કરવાની કાંઈ જરૂર નથી. જો તેઓ હજૂ પણ પોતાના પત્રની લેખનશૈલી સમાજના અગત્યના પ્રશ્નો પરત્વે વાળશે તો જરૂર સમાજની સાચી સેવા કરી શકશે. બાકી તેઓએ સમજવું જોઇએ કે આ યુગ સ્વતંત્રતાનો છે; સ્વચ્છંદતા નહિં નભે. આ યુગ જાગૃતિનો છે. દંભ અને પ્રપંચો નહિં નભે. આ યુગ સુધારાનો છે પણ સુધારાના ઓઠે સ્વાર્થ નભાવવાનો નથી.

જો ભાઇ ધીરજલાલ આટલેથી પણ સત્ય વસ્તુ સમજશે–શાસન અને સમાજની સાચી સેવાની મશાલ હાથ ધરશે તો અવશ્ય તેઓ સમાજમાં સારા સ્થાનને લાયક બનશે. એ બનવામાં પોતાના ઇર્ષા અને અહંભાવના બલીદાનો આપવા પડશે. ખોટી ધાંધલ અને ધમાલ અળગા કરવા પડશે. સમાજમાં છીન્નભીન્નતા થાય એવા લખાણો બંધ કરવા પડશે. પૂ. મુનિવરોની નિંદામાંથી હાથ ઉઠાવી લેવો પડશે સત્ય ગમે તેટલું કડવું હોય તો તેની આગળ નમવુંજ પડશે. આટલી ઉદારતા જ્યારે પ્રવેશ કરશે ત્યારે સમાજમાં તમારૂં સ્થાન કોઈ અનોખુંજ હશે.

આ સ્થળે વડોદરાના અધિકારીઓને પણ એક વિનંતિ કરી લઉં કે આ પુસ્તિકાને આપ સૌ ધ્યાનપૂર્વક વાંચજો, વિચારજો અને યોગ્ય સાર તારવજો, તો આપને જણાશે કે આજે જે વ્યક્તિ પાસે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વડોદરા રાજ્ય નરી ભાટાઇ પાસે રહીને કરાવી રહ્યું છે તે શ્રીમંતને શોભાવનારૂં છે જ. નહીં પણ વડોદરા રાજ્યને માટે પણ એ ગૌરવ ઘટાડનારૂં છે. આ વસ્તુ બની ગઇ, એના ઉંડાણમાં ઉતરી આ આખીયે વસ્તુસ્થિતિ પર વિચાર કરજો. કારણ જે પોતાના સમાજનો નથી થયો એટલુંજ નહિં પણ સમાજના મોટા ભાગના વિરોધની સામે પૂરમાં પોતાના સં. ૧૯૮૯ ના સિદ્ધાંતો પર ૧૯૯૧માં પાણી ફેરવી રહેલ છે તે કાલે વડોદરા રાજ્યમાંથી પોતાની સ્વાર્થની બાજી સંકેલાતા વડોદરાનો કયાંથી થશે એ વસ્તુ અવશ્ય વિચારણાની એરણે ચઢાવી એની કસોટી કરવાની જરૂર છે.

ભાઈ ધીરજલાલે છેલ્લાં "જૈન જ્યોતિ"નાં અંકમાં જુદા જુદા ઓઠે જે ગાળોનો વરસાદ દલીલ વગર વરસાવવા માંડયો છે તેમાં હુંતો પાવન થઇ મારા :કર્મો હશે તેને હળવા કરી શકીશ પરંતુ સત્ય વસ્તુ સામે ખોટી રીતે છેડાઈ પડનાર ભાઇ ધીરજલાલ કર્મો બાંધશે. જો તેઓને આ પુસ્તિકા સમાજ હિતની પ્રવૃત્તિઓ તરફ વાળવા જેટલી તેમના હૃદયને પ્રેરણા કરશે તો મારો આ પ્રયાસ ખરેખર સફળ થયો માનીશ.

લી. સમાજનો સેવક,

**ભગવાનજી કપાસી.**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# વડોદરા રાજ્યના સુત્રધારો અને શ્રીમંત સરકાર જોગ—

## "જૈન જ્યોતિ" પત્રના તંત્રી મી. ધીરજલાલ ટોકરશી શાહનું વિચાર પરિવર્તન

## તેની પાછળ છુપાયેલો ભેદ.

**જે ભાઈ ધીરજલાલે ગઈ કાલે વડોદરા રાજ્ય, તેના અધિકારીઓ અને દીક્ષાના કાયદા સ્હામે સખ્ત પ્રહારો કરેલા છે તેણે આજે ભાટાઈ શા માટે આદરી છે, એ જાણવા માટે આ લેખમાળા તાદશ્ય પુરાવો છે.**

---

'જૈન જ્યોતિ' પત્રના માન્યવર તંત્રી સાહેબે, સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ સંબંધેના મારા લેખાંકો પર છેડાઇ પડી, અકળામણમાં આવી જઇ તા. ૯-૧૧-૩૫ ના અંકમાં પાના ૭૩૯ પર સિદ્ધાંત ખાતર વડોદરા રાજ્યને બતાવી આપવા એકસો બાલક-બાલિકાઓ બીજાના નહિ પણ પોતાનાને દીક્ષા આપવા મને નમ્ર સૂચના કરી છે. તંત્રીરાજ શ્રી ધીરજલાલ ટોકરશી શાહના મગજ પર ગરમી ચડી ગઈ હોય અને આ શબ્દો કોઇ અમંગળ ઘડીએ નીકળી ગયા હશે. પરંતુ મારે તેઓશ્રીએ મને બતાવેલ સિદ્ધાંતનો જવાબ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આપવોજ જોઇએ. એટલે આ પત્રમાં ચાલુ લેખમાળા નિયમિત મારા તરફથી શરૂ કરવામાં આવે છે. જનતા જોગ તટસ્થ ભાવે આટલો ખુલાસો કરી લેવાની આ તક હું જતી કરી શકુંજ નહિ.

પ્રથમ મારે એ સ્પષ્ટ કરવું જોઇએ કે–આ લેખમાળા લખવાનો હેતુ 'જ્યોતિ'કાર મી. ધીરજલાલ ટોકરશીની અંગત કાર્યવાહીને લેશ માત્ર પણ સ્પર્શ કરવાનો નથી કે તેઓને યેનકેન પ્રકારે ઉતારી પાડવાનો નથી. પરંતુ જ્યારે તેઓનું જીવન જાહેર પત્રકાર તરીકે પત્રની સાથે સંકળાએલું છે અને એનાજ આશ્રય તળે તેઓશ્રી મને સિદ્ધાંત બતાવવા બહાર પડયા છે, ત્યારે લેખીત બીનાઓ તેમના પોતાનાજ પત્રમાંથી રજુ કરી પરસ્પરની અસંગતતાનો તટસ્થ નિર્ણય કરવાનું જૈન સમાજ પર છોડું છું. વાંચકો અને એકરાગી વ્યક્તિઓ આવા સિધ્ધાંતવાદીઓને તેમના સાચા સ્વાંગમાં ઓળખે, એજ આ લેખમાળાનો હેતુ છે. કારણ તંત્રીરાજ પત્રમાં જે કાંઇ મૂકે છે, તે તેમના જાહેર જીવનને સર્વાંશે સ્પર્શે છે. પત્રકારનો સમાજના માનસ–ઘડતરમાં મહાન્ ફાળો છે. પરંતુ તેઓ સમાજનો ભૂતકાળના પોતાના સિધ્ધાંતોથી અજ્ઞાન રાખી વર્તમાનમાં શબ્દોની સફાઇથી બેડોળ ઘાટ ઘડવામાં ફાવી ન જાય, તે માટે આ લેખ-માળામાં જડબાતોડ જવાબ આપવામાં આવશે આજે તેઓશ્રીની તો એવીજ માન્યતા હશે કે–કાલે સવારે આપણે શું લખ્યું છે એ પ્રત્યે કોણ દ્રષ્ટિ કરવાનું છે? આજે ફેંકે રાખો. પરંતુ તંત્રીરાજને મારે જણાવવું જોઇએ કે—સમાજને આજે એટલી હદ સુધી બનાવી જવાનું અશકય છે. એમના ઉત્તર–દક્ષિણ જેટલા સિધ્ધાંત પરિવર્તનનો હેતુ નિખાલસ હશે કે સ્વાર્થમયી, નિઃસ્વાર્થ હશે કે હેતુપૂર્વકનો, એનો ન્યાય મારા જેવો અલ્પ મનુષ્ય કયાંથી કરી શકે? એ બધું હું જનતા પરજ છોડું છું. જનતાને આ લેખમાળા વાંચ્યા પછી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એ વિષે પોતાનો તટસ્થ અને વ્યાજબી અભિપ્રાય આપવા મારૂં સહર્ષ આમંત્રણ છે.

વળી કદાચ એમ પણ કહેવામાં આવશે જે રીતે હંમેશા કહેવામાં આવે છે કે–આ લખાણ પાછળ કોઈ પણ સંસ્થા કે વ્યક્તિનો હાથ છે. તે માટે પણ એક ખુલાસો અત્રેજ કરી દઉં. આ લેખમાળાના લેખકે પોતાની પ્રશસ્તિના હેતુથી નહિ પરંતુ જનતાને ખોટી રીતે યેનકેન પ્રકારે અંધારામાં દોરી જવાનો યુગ આથમી ગયો છે, એ બતાવવા જ આજે પોતાની કલમ તટસ્થભાવે આડી-અવળી બીજી કોઈ પણ વાતને તેમાં સ્થાન નહિ આપવાના ઇરાદે, તંત્રીરાજના પોતાનાજ શબ્દો રજુ કરવાનું યોગ્ય અને સમયસરનું જણાયાથી તેઓશ્રીનું બીડું ઝડપ્યું છે. મારો પણ પત્રકારિત્વની લાઇનનો આછો અને થોડો પણ ૧૦ વર્ષનો અનુભવ છે. એટલે કોઇના કહેવાથી કે પ્રેરણાથી લખવાની ગુલબાંગ ઉડાડવામાં આવે, તે પહેલાં સત્ય વસ્તુસ્થિતિનો સ્ફોટ કરી લેવો આવશ્યક લેખાશે.

આ લેખાંકમાં તેઓએ વડોદરા રાજ્યની તારીફ કરી સં. દી. નિયામક નિબંધને યોગ્ય ઠરાવવાનો પ્રયાસ કર્યો છે, અને સિધ્ધાંત ખાતર મને સલાહ આપી છે. ત્યારે એજ વિષય પરના એમના પરસ્પર વિરોધી વિચારો રજૂ કરૂં, એજ ન્યાય કહેવાય. આમ કરતાં લોક વાહવાહ મળે કે ન મળે, કોઇ તિરસ્કાર દૃષ્ટિથી જૂએ કે ન જૂએ, તેની પરવા કર્યા વિના મારે તો સત્ય અને વજુદવાળી બીનાઓ રજુ કર્યેજ છૂટકો છે.

વાંચક વર્ગને આ લેખમાળા પર તટસ્થ દ્રષ્ટિએ પોતાનો નિર્ણય દર્શાવવા મારૂં ફરી એક આમંત્રણ છે. અસ્તુ.

હવે મજકુર લેખમાળા ચાલુ થાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સં. ૧૯૮૯ ના માહ-ફાગણના 'જૈન જ્યોતિ' ના સંયુકત અંકમાં 'જૈન સમાજનો ગંભીર પ્રશ્ન' એ શિર્ષક હેઠળ પોતાના નામથી લખતાં તંત્રી શ્રી ધીરજલાલ ટોકરશી શાહ જણાવે છે કે-**"પ્રથમ આ નિબંધ સં. દી. પ્રતિબંધક નિબંધને નામે રજુ થયો અને તેણે સારાયે જૈન સમાજમાં ભારે ખળભળાટ મચાવ્યો હતો. જૈનોના મોટા ભાગે તેનો વિરોધ કર્યો હતો ને બહુ નાની સંખ્યાએ તરફેણ કરી હતી."**

હવે તા. ૯-૧૧-૩૫ ના અંકમાં સાધુઓને પડાણો તરીકે ચીતરી, ગાયકવાડ-નરેશની ધર્મના તુલનાત્મક અભ્યાસ કરનાર તરીકે ભારોભાર પ્રશસ્તિ કરતાં આ પ્રમાણે લખે છે.

**"શ્રીમતી જૈન કોન્ફરન્સ, અનેક ગામના જૈન સંઘો અને જૈન સમાજના સમસ્ત વિચારક અને યુવક વર્ગે એ નિબંધને વધાવી લઈ વડોદરા નરેશને અંતરના ઉંડા આશિર્વાદ આપ્યા હતા."**

પહેલાં તેઓ એમ કહે છે કે-જૈનોના મોટા ભાગે વિરોધ કર્યો હતો અને બહુ નાની સંખ્યાએ તેની તરફેણ કરી હતી. હવે કહે છે કે--ઘણા મોટા ભાગે ટેકો આપી અંતરના ઉંડા આશિર્વાદ આપ્યા હતા. એક વખતે એક પત્રકાર એમ કહે કે—હું ગયો હતો તે સભામાં ૧૦૦૦ ની માનવમેદની હતી. બીજી વાર કહે કે—ત્યાં તો માંડ ૨૫—૫૦ માણસો હતા. તેને ઉપલું કથન મળતું આવે છે. તો હું પૂછું છું કે—જ્યારે પહેલાં તમે કહ્યું કે—વિરોધીઓ બહુ થોડા હતા તો તે તમે જાણીબુજીને તમારા અંતરના અવાજને રૂંધી જુઠું બોલી સમાજને ગેરરસ્તે દોરવવાનો એ સમયે પ્રયાસ કર્યો હતો? અને જો એમ લઈએ કે—એ વખતે તમે લખેલ બીના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સત્યં હતી અને એક પત્રકાર તરીકે જે જોયું તેજ લખ્યું હતું, તો હું પૂછું છું છે કે—આજે એમ બતાવવા પ્રયાસ કરો કે-મોટે ભાગે વિરોધ કર્યો, તો આજે તમે ન્યાયનું ખૂન કરો છો ? એકજ બાબત ઉપરના આવા પૂર્વાચીન અને અર્વાચીન વિચાર પરિવર્તન જોયા પછી કોઈ પણ તટસ્થ માણસ કલ્પી શકે કે—એ પરિવર્તન પાછળ કોઇ પણ ઇરાદાપૂર્વકની યોજના સમાયેલી છે.

હું જૈન જનતાને મારી આ લેખમાળા ઉપર પુરતું લક્ષ આપી તટસ્થભાવે ન્યાય કરવા વિનવું છું. આવતા લેખાંકમાં એથીય ગંભીર બીનાઓ રજૂ થનાર હોઇ વાંચક વર્ગ આ પત્ર વાંચવા નજ ચૂકે. એક વખત જે ગાયકવાડ—નરેશ માટે, તેના અધિકારીઓ માટે અને સં. દી. નિ. નિબંધની વિરૂધ્ધમાં બને તેટલી કટ્ટર ભાષામાં લખી, બીજીજ વખતે એ બધાની પ્રશંસા કરનાર તેમના જ વાકયો આવતા લેખાંકમાં રજુ કરવામાં આવશે.

ઉપરની એકજ બીનાથી સમાજ તુલના કરી લેશે એની તો મને ખાત્રીજ છે.

મારા પ્રથમના લેખમાંથી જૈન સમાજના મોટા વર્ગમાં સનસનાટી ફેલાઇ ગઈ છે, એમ મને વડોદરાથી મળેલા મિત્રોના બે પત્રો પરથી કહી શકું છું. એક મિત્ર જણાવે છે કે—'અમારા શ્રીમંત સરકારનું જીવન ચરિત્ર લખનાર મી. ધીરજલાલ શાહના આ વિચારો જણાતાં અત્રેનો અમલદાર વર્ગ પણ આશ્ચર્યમાં ગરકાવ થઇ જશે. અમે બધા તો સ્તબ્ધજ થઈ ગયા છીએ. તમો 'વીરશાસન' ની નકલો મોકલવા કૃપા કરશો.' આ ભાઇને આ સ્થાનેથી જણાવવાનું જે—તેમણે 'વીરશાસન' પત્ર તે કાર્યાલયની ઓફીસે લખી સીધા મંગાવી લેવું. બીજા ભાઈના પત્રનો પણ પ્રધાન સૂર એજ છે. અત્રે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મારે જાહેર જનતાને ફરી વાર ખાત્રી આપવાની ફરજ પડે છે કે-મારે અને મી. ધીરજલાલને આજ દિન સુધી કોઇ જાતનો ખટરાગ હતો નહીં અને અંગત રીતે હજુ પણ હોય એમ હું તો નથી જ માનતો. માત્ર પત્રકાર તરીકે તેઓશ્રીએ મને સિદ્ધાંત ખાતર પડકાર કર્યો છે. એનો જવાબ એમના જ સિદ્ધાંતો બતાવીને આપવાનો આ લેખમાળાનો આશય છે.

અગાઉ જણાવ્યા મુજબ મારો આ લેખમાળાનો આશય દ્વેષયુક્ત હોવાની માન્યતા એક વર્ગ તરફથી પ્રચલિત કરવાના પ્રયાસો ચાલી રહ્યાનું મારી જાણમાં આવ્યું છે. સુજ્ઞ વાંચક વર્ગ આ ઉપરથી જોઇ શકશે કે—આમાં કોઈ અંગત સ્વાર્થ કે દ્વેષનો હેતુ છેજ નહિ. માત્ર તેમના જ વિચારો અને તે વિષેની સમજ આ લેખમાળામાં રજુ કરવામાં આવે છે. છતાં કમળાવાળી આંખથી પીળું દેખાય તો તે કુદરતનો સ્વભાવ કોઇથી બદલી શકાય તેમ છે? બાકી બીજાઓ ગમે તેમ કહે તેની લેશ માત્ર પરવા કર્યા વિના આ કલમ આગળજ પોતાનું કામ ચલાવશે. બાકી એવો મિથ્યા પ્રચાર કરનારને સમાજ તેમના આજદિન પર્યંતના વર્તનથી જ ઓળખી શકશે. આ લેખ માળા તદ્દન શુદ્ધભાવે અને તટસ્થ દષ્ટીએ જ લખવામાં આવે છે, એની ફરી આથી ખાત્રી આપું છું. અને જનતા પણ આ લેખન-સામગ્રી ઉપરથી તેનું માપ કાઢી શકશે.

હવે લેખમાળા શરૂ કરતાં સં. ૧૯૮૯ ના મહા-ફાગણના 'જૈન જ્યોતિ' ના અંકમાં 'સમાજનો ગંભીર પ્રશ્ન'—એ શિર્ષક હેઠળ મી. ધીરજલાલ ટોકરશી શાહ તેના તંત્રી નીચે મુજબ લખે છે.

**" આ નિબંધથી સ્વેચ્છાપૂર્વકની તથા માબાપની સંમતિપૂર્વકની દીક્ષાની પણ અટકાયત થાય છે, એટલે નિબંધ એના હેતુથી પણ ઘણો અળગો જતો રહે છે "**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એથીય આગળ વધીને એજ અંકમાં તેઓ રાજસત્તાના હસ્તક્ષેપ સામે ઉંડો પ્રકોપ જાહેર કરતાં કહે છે કે—

**"રાજ્ય જો વ્યકિતને કેવું ખાવું, કેટલું ખાવું, કેટલી પ્રજોત્પતિ કરવી, સંતતિને કેવું શિક્ષણ આપવું, તેમને કયા જીવનમાં જોડવા અને કયા જીવનમાં ન જોડવા, ધનને કેટલું અને કયાં વાપરવું, એ બાબતમાં અમુક રીતે જ વર્તવાની ફરજ પાડે તો રાજ્યસત્તા પોતાના અધિકારની તદ્દન બહાર જાય છે અને દરેક વ્યકિતનું જીવન એથી દુ:ખી થવાનો જ સંભવ છે. અને જો આવી બાબતની અટકાયત કરવાનો રાજ્યનો અધિકાર સ્વીકારીએ તો કોઈ પણ વ્યકિતના સ્વતંત્ર રીતે ધાર્મીક જીવન ગાળવાના અધિકારની અવગણના કરવા જેવું જ લેખાય. આથી રાજ્યની આ પ્રકારની દખલગીરી કોઈ પણ શખ્સ સ્વીકારી શકે નહીં."**

હવે આજે તા. ૯-૧૧-૩૫ના અંકમાં દીક્ષાના હિમાયતીઓને સંબોધીને લખતાં કહે છે કે:—

**"આપણી ભૂલો સુધારી લેવી, આપણા માટેની સારી છાપ પાડવી કે જેથી બીજા સ્ટેટોમાં પણ આવા પગલાં ભરવાની જરૂર જ ન રહે. પરંતુ અવળી મતી સુઝે ત્યારે મનુષ્યને વિચારદશા પ્રાપ્ત થતી નથી. વડોદરા નરેશે અન્યાય ભરેલું પગલું ભર્યું છે, એમ જાહેર કરવામાં તેમને જરાય શરમ ન આવી."**

આવા ગંભીર પરસ્પર વિરોધી મંતવ્યો પરથી સમાજ જોઈ શકશે કે—જેઓએ ૧૯૮૯માં રાજ્યના હસ્તક્ષેપ બાએ સામાન્ય નહિ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પરંતુ કટ્ટર ભાષામાં લખેલ છે અને રાજ્યની ડખલગીરીની હદ બતાવી તેને અસહ્ય દર્શાવી છે, તેઓ આજે એ અન્યાયનો વિરોધ કરનારને તેમ કરતાં શરમ નથી આવતી, એમ લખવાની હિંમત કરે ત્યારે ખરેખર તેમના સિદ્ધાંતની અવધિ જ મનાય. વળી તેઓએ આડકતરી રીતે એક વખત પવિત્ર માનેલ ત્યાગધર્મને અનર્થકારી જણાવી રાજ્યની દખલગીરીને આડકતરી રીતે આમંત્રણ આપવાનોજ પ્રયાસ કર્યો છે. આથી તેઓ આજે વડોદરા રાજ્યની ખેરખાંહી કેટલા દરજ્જે કરશે એ સમજી શકાતું નથી. તમારા વિચારમાં પરિવર્તન થાય એ શક્ય છે, પરંતુ એક વખત એક સિદ્ધાંત સ્થાપિત કર્યો, જેના ઓઠે વડોદરા-નરેશ, તેમના અધિકારીઓની ડખલ દીક્ષાના નિબંધ માટે અસહ્ય બતાવી અને આજે એને વધાવી લેવા અને વડોદરા નરેશ, સામે એક વખત પોતાના જ હાથે એ સંબંધમાં લખનાર આજે એની પરસાઈ કરવા નીકળે, ત્યારે સમાજને એ વસ્તુ મનન કરવા જેવી તો છે જ એ બધાનો સ્ફોટ હવે પછીના અંકમાં કરવામાં આવશે. પરંતુ હું એટલું જ પૂછું છું કે--તંત્રીજી આજે કયી નીતિ અને સિદ્ધાંત હાથમાં લઈ, ભુતકાળ પર પીંછી ફેરવી સમાજને આપ શિખામણ આપવા બહાર પડ્યા છો, તે કૃપા કરી જણાવશો ?

આગળ ચાલતાં ૧૯૮૯ ના અંકોમાં લખે છે કે :—

**"આ નિબંધ પર વિચાર કરતાં પ્રશ્ન તો એજ ઉઠે છે કે જૈન દીક્ષા માટે નિયત થએલાં બંધારણમાં ફેરફાર કરવાનો કોઇને હક્ક છે કે કેમ? જૈનશાસ્ત્રની માન્યતા મુજબ તિર્થંકરદેવની આજ્ઞામાં ફેરફાર કરવાનો કોઈને હક્ક નથી. સંઘ સિવાય કોઈ પણ વ્યક્તિને, પક્ષને કે રાજયનેજૈનધર્મના બંધારણમાં ફેરફાર કરવાનો હક્ક નથી."**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હવે તા. ૯-૧૧-૩૫ના "જૈન જ્યોતિ" માં દર્શાવવામાં આવેલા વિચારો તપાસીએ.

**"દરેક ધર્મનો તુલનાત્મક અભ્યાસ કરવા અને દરેક ધર્મ પ્રત્યે ઉદારતા અને માનની નજરે જોનાર એ રાજવી ભારતવર્ષની એક પ્રાચીન સંસ્કૃતિને આવી રીતે મલીન થતી કેમ જોઈ શકે? એ માટે (ઘણાએ) વડોદરા નરેશને અંતરનાં ઉંડાં આશિર્વાદ આપ્યા હતા."**

આવી પરસ્પર ઉલ્ટા-સુલ્ટી વિચારશ્રેણી તપાસતાં પ્રત્યેક તટસ્થ વાંચકવર્ગ જોઈ શકશે કે—એક સમયે તેઓએ ધર્માજ્ઞામાં ફેરફાર કરવાનો માત્ર સંઘનો જ અધિકાર સ્વીકાર્યો છે, ત્યારે બીજી જ પળે વડોદરા-નરેશ માટે મોટા ઉપનામો ઈરાદાપૂર્વક મૂકી દીક્ષા સંબંધેની ડખલગીરીને વધાવી લે છે. હું એટલું જ પૂછવા માગું છું કે—આમાં એવો પ્રયાસ નથી કે—એક વખત પોતાના શેઠને શેઠ તરીકે ઓળખાવનાર બીજી જ પળે ઇરાદાપૂર્વક તેને શેઠ તરીકે ઓળખાવે છે? આતો દીવા જેવું સ્પષ્ટ છે. આજે સમાજને ગમે તેમ દોરી જવાનુ અશક્ય છે.

**મારે** કહેવું જોઇએ અને જગતનો એ સર્વમાન્ય સિધ્ધાંત છે કે જ્યારે દેશની જ્વાળા જીગરમાં જળે છે, ત્યારે મનુષ્ય પોતાની સન્મતિને ભૂલી જાય છે. એ મતિ ભૂલેલ પછી મૂર્ખને જ્ઞાની, દાતારને કંજુસ, મિત્રને દુસ્મન મનાવવા કોઇ નજીવા સ્વાર્થ ખાતર પ્રયાસ કરે એમાં એને દોષ કેટલો દઇએ? કારણ—સ્વાર્થ આંધળો છે. માણસ માત્ર એની આંધિમાં સારાસાર ભૂલી જાય છે. એનો પડઘો આવતા લેખાંકમાં પડશે; તો વાંચકવર્ગ તે લેખ વાંચવા જરૂર તૈયાર રહે. એ દલીલપૂર્વક બતાવવામાં આવશે. તેમાં અંગત વાતને સ્થાન કદી પણ નહીં જ હોય, એની આથી ખાત્રી આપું છું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જેઓનો સ્વભાવ કાર્ય કરતાં મોટાઇ—માનપાન મેળવવાનો હોય છે, તેઓ પ્રચારના સાધનના હથીયાર વડે પોતાની નૌકા પાર કરવાની હોડ માંડી રહ્યા હોય છે. પરંતુ સમાજ ચક્ષુહિન નથી કે--તેવાઓને વર્તી ન શકે. અગાઉ તા. ૬-૧૨--૧૯૩૫ ના 'વીરશાસન'માં મેં ભાખેલ ભવિષ્યવાણી આખરે સાચી ઠરી છે. તેનું દિગ્દર્શન 'જૈન જ્યોતિ' પત્રનો તા. ૭--૧૨--૩૫નો અંક જ કરાવે છે. મારા પરિવર્તનથી દુ:ખી થયેલ એક ભાઇ સ્નેહીનો સ્વાંગ સજી મને કેટલાક પ્રશ્નો પુછવા બહાર પડ્યા છે, જેનો જવાબ પણ એજ પત્રમાં આપવામાં આવેલ છે. એ પ્રશ્નકારની લેખનશૈલિ જ બતાવી આપે છે કે--સ્નેહિના સ્વાંગમાં ઉભા થએલ ભાઇ કોણ હોઇ શકે? જ્યારે ભાઇ ધીરજલાલના આધુનિક અને ગઇકાલના વિચારોનું પરિવર્તન વિષેની મારી લેખમાળાનો જવાબ આપી શકવાની કોઇ બારી રહે તેમ નથી, એટલે આ રીતે મારા સ્નેહિ પાછા પગ ઉડાડી હાનિ પહોંચાડવા બહાર પડયા છે. એ તો 'મેં મરૂં મગર તુજે રાંડ કરૂં'--ના ન્યાય જેવું છે. પરંતુ સમાજ જરા પણ છેતરાય, એ જમાનો આજે વહી ગયો છે. આવા એક તો શું પણ એક હજાર સ્નેહિઓ અંધેરપછેડો કાઢી ખૂલ્લી રીતે પ્રશ્ન પુછવા બહાર પડે, તો પણ હું જવાબ આપવા તૈયાર છું, પરંતુ એ હિંમત કયાંથી હોય? જેમનો પીઠ પાછળ ઘા કરવાનો જ આશય છે, તેઓ સામી છાતીએ બહાર કેમ આવી શકે?

સ્નેહી ભાઇને મારી સલાહ છે કે--આ જમાનામાં પડદાબીબી-ઓના નાટકો નહિ ચાલી શકે. એ રીતે તમે દ્વેષની અવધિ કરવા માગતા હો અને તૃષા છીપાવવા માગતા હો તો ભલે, બાકી બીજાને હલકા ચિતરવા જતાં જો જો રખે હલકા પડી ન જવાય! આટલો જરૂરી ખુલાસો લખી આ લેખમાં તટસ્થતા નથી એમ સાબીત

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરવાનું અને તે માટે ત્રાહિત વિદ્વાનના અભિપ્રાય લેવાને મારૂં આહ્‌વાન છે.

બાકી એ સ્નેહિ બંધુને ખુદ ' જૈન જ્યોતિ 'નો તા. ૨૦--૪--૩૫ નો અગ્રલેખ વાંચી જવા મારી વિનંતિ છે. **એમાં** જણાવવામાં આવે છે કે—" **સંસ્કારો જેવી જાતના હોય છે તેવીજ જાતના વિચારો અને પરિણામે કાર્યો થાય છે.** " એટલે સ્નેહિ બની બેસનાર આજે તેના સંસ્કારો પ્રમાણે વિચાર જાહેર કરી મને પ્રશ્ન પુછે છે અને પરિણામે તેના કાર્યો પણ એવાજ નિવડે છે. વળી તમે પોતે લખાણમાં શિષ્ટતા અને સભ્યતાને કોરાણે મૂકો છો. જેના જવાબો લાગતા--વળગતાઓને અપાયા છે ને અપાવાના છે. તેમાં વચ્ચે સ્નેહિના સ્વાંગમાં પુછવાની અગત્યતા તમોને કયાંથી જણાઇ? તમારી બુધ્ધિ શું બ્હેર મારી ગઇ છે કે શકિત પરવારી બેઠા છો. તે ગમે તે હો પણ સ્નેહિ! ઓ મારા હેતના કટકા સમાન પરમ સ્નેહિ! જે હો તે પછેડો દૂર કરી જરા બહાર તો આવો. તમને હું બધાય જવાબ આપવા ઇંતેજાર છું. તમે સ્નેહિ પ્રત્યેનો વિવેકધર્મ કાં ભૂલો છો? તે માટે 'જયોતિ'નો તા. ૧૫--૧૨--૩૫નો અગ્રલેખ જૂઓ.

" **વિવેક વિના ધર્મ નથી અને ધર્મ વિના ફરજ વિના માનવી જીવનનું કલ્યાણ નથી.** " તો તમને સ્નેહિને હિત હૈડે હોય તો જરા મર્યાદા શીખો. ગમે તેમ બાફી નાંખવું કે પ્રશ્નકાર બની ચાલી નીકળવું, તેના કરતાં તેમાં રહેલી જવાબદારી ઘણી વિશેષ છે એ ન ભુલતા. **ભ. ક.**

હવે એ લેખમાળા પર આવું છું.

સને ૧૯૮૯ ના માહ--ફાગણના સંયુક્ત અંકમાં લખતાં ભાઇ ધીરજલાલ જણાવે છે કે—

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

" ખુનખાર ધર્મયુદ્ધો પછી ધર્મની બાબતમાં ડખલગીરી નહીં કરવાની નીતિ દરેક સુધરેલા રાજ્યે સ્વીકારી છે. વડોદરા રાજ્યે આજસુધી એ નીતિનું પાલન કર્યું છે. એ નીતિનો ત્યાગ કરવાનું આજે એવું એક પણ ગંભીર કારણ નથી. "

તા. ૯--૧૧--૩૫ ના અંકમાં આ પ્રમાણે કહે છે.

" આપણા માટેની સારી છાપ પાડવી કે જેથી બીજા સ્ટેટોમાં પણ આવા પગલાં ભરવાની જરૂરજ ન રહે. એ રાજવી ભારતવર્ષની પ્રાચીન સંસ્કૃતિને આવી રીતે મલિન થતી કેમ જોઈ શકે ? "

આ ઉપરથી સુધારાની હિમાયતી સુજ્ઞ વ્યકિતઓએ પણ ખરેજ જાણવાનું છે કે—ગઈકાલે જેઓએ ધર્મની અંદરની ડખલગીરીને સુધરેલા રાજ્ય માટે યોગ્ય નહિ હોવાનું જણાવ્યું છે, તેઓ આજે પાછા બહાર આવીને, હિંમત બતાવી, વડોદરા રાજ્યની પીઠ થાબડી તેને આ કાયદા માટે સુધરેલ રાજ્યમાં ખપાવી આડકતરી રીતે ધન્યવાદ આપે છે. વળી તેઓ એટલે સુધી જણાવે છે કે—આ નીતિનો ત્યાગ કરવાનું આજસુધી એટલે સં. ૧૯૮૯ ના માહ--ફાગણ સુધી કોઇ કારણ બન્યું નથી; એમ જાહેર રીતે પોકારીને કહે છે.

વળી આગળ ચાલતાં સં. ૧૯૮૯ વાળા અંકમાં કહે છે કે—

" ધાર્મિક વિષયમાં દખલગિરી કરવાનો રાજ્યનો અધિકાર સ્વીકારવામાં આવે એ કોઇ રીતે ઈષ્ટ નથી. કારણ કે એના સ્વીકારથી ભવિષ્યમાં ધાર્મિક હિતને નુકશાન પહોંચવાનો સંભવ છે. "

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જેના સ્વીકારમાં એક વખત મી. ધીરજલાલ ધાર્મિક હિતને નુકશાન પહોંચવાનું ભાખી ગયા, તેનાજ સ્વીકારમાં બીજા સમયે તેઓ વડોદરા રાજ્ય પર વારી જાય છે, તેના કારણો તપાસવા માટે હવે પછીનો ખાસ લેખ આજ પત્રની કટારોમાં રજુ થશે.

એજ અંકોમાં આગળ ચાલતાં કહે છે કે—

**" જૈન ધર્મનો સ્રોત એક સરખો જાળવી રાખવાનું મુખ્યત્વે જૈનોની સાધુ સંસ્થાજ કરી રહી છે. આ કાયદામાં સાધુ સંસ્થામાં મોટો ઘટાડો કરવાનાં સઘળાં તત્વો છે. એથી જૈન સમાજ આ કાયદાનો સ્વીકાર કરી શકે નહિ "**

તા. ૯--૧૧--૩૫ ના અંકમાં શિષ્ટાચાર અને સભ્યતાથી વેગળું લખાણ જૂઓ.

**" પવિત્ર અને અપરિગ્રહિ ગણાતી શ્રમણ સંસ્થામાં જ્યારે અપવિત્રતા અને પરિગ્રહસંજ્ઞાનો પ્રવેશ થયો ને શિષ્યમોહની ઘેલછામાં પોતાના પંચ મહાવ્રત ભૂલી પઠાણોની જેમ જ્યારે સાધુઓ ગૃહસ્થોનાં બાળકો ઉઠાવવા લાગ્યાં ત્યારે પોતાની મિલકત પ્રાપ્ત કરવાને હક્કદાર નહિ રહેલા જોઈ સમાજમાં આવી અનર્થકારી બાળદીક્ષા સામે ભારે પ્રકોપ ઉત્પન્ન થયો. "**

આ મંતવ્ય એકબીજાથી કેટલા વિરોધી છે, એ બતાવવા માટે એટલુંજ કહેવું બસ થશે કે—એના લેખકે ગમે તે આશયે લખ્યું હોય, પરંતુ પોતાના સિધ્ધાંતોનું સમતોલપણું તો તેઓએ ગુમાવ્યું છે. એની એમના પોતાથી પણ ના કહી શકાય એમ નથીજ. ગઈ કાલે જેઓ સાધુસંસ્થાને પવિત્ર કહે છે, જૈન ધર્મનો સ્રોત એક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સરખો જાળવી રાખનાર કહે છે, તેમને આજે પડાણોની ઉપમા આપનાર માનવીને હું પૂછું છું કે—એવો કોઇ અધિકાર તેમને પ્રાપ્ત થયો છે? બોલવા ખાતર અને વડોદરા રાજ્યને આજે અમુક હિત માટે સારૂં લગાડવું છે, એટલા પુરતી જ આ કષાયક વિચારોની ઉલ્ટી કરી રહ્યા છો? તમારૂં સ્થાન સમાજમાં શું છે? સમાજહિતના કેટલા કાર્યો કર્યા છે, તે જનતા શું નથી જાણતી? તો પછી આટલી હદે પૂજ્ય અને પવિત્ર સાધુસંસ્થા માટે લખવાનો અધિકાર અને તમારો દરજ્જો કયો છે તે બતાવશો? ગઇકાલે જેમને જૈન ધર્મના પવિત્ર સ્થંભો કહો છો, તેમને આજે નાના મોટે મોટા કોળીયા ભરી પડાણોની ઉપમા આપો છો?

જો જૈનત્વ ખરેખર જીવંત રાખવું હોય, જેમનામાં જૈન ધર્મની સાચી અને ઉંડી ધગશ હોય, તેઓએ આવા લખાણો કરનારાને ઘડીભર પણ સહન કરી લેવાં નજ જોઇએ. હું જનતાને, સમજુ અને વડીલ વીરપુત્રોને આ સ્થળેથી એટલીજ વિનંતિ કરીશ કે—આવા લેખકોને જડબાતોડ જવાબ આપી દ્યો, નહીંતર તેઓ આવા સિધ્ધાંત પરિવર્તનથી ઘણી અજ્ઞાનતા રેલાવી જશે. આવા લખાણો જે ભાષાની મર્યાદાની બહાર છે, તે બંધ થાય તોજ સમાજનું શ્રેય સાધી શકાય.

વિચારભેદને સમાજમાં સ્થાન છે, પરંતુ તેથી શિષ્ટાચાર અને વિવેકને તેઓએ કદી પણ ભૂલવા જોઇતા નથી. વિવેક વિના ધર્મ નથી, એમ લખનાર પોતે શું આવી રીતે લખી વિવેક જાળવે છે?

આ લખનારે પહેલો જાહેરમાં એટલો ખુલાસો અવશ્ય કરવો પડશે કે—કાં તો ગઇકાલે તેઓ પોતાના સત્ય અવાજને દબાવી બોલતા હતા અગર તે સત્ય હોય તો આજે કોઇ પણ હેતુની સિદ્ધિ પછી તે સારો યા નરસો હોય, તે અત્યારે ન કહી શકાય પણ તે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વખત આવે સમજાય, તે માટેજ તેઓ ઉત્તર--દક્ષિણ જેટલા વિરોધી મંતવ્યો ખડા કરી સત્યને રૂંધે છે. તેઓએ પોતાનાજ પત્રના તા. ૫--૧--૩૫ ના અંકમાં સૌરાષ્ટ્ર પરથી લીધેલા લેખમાં જણાવવામાં આવેલ છે કે —

**"સત્યના અવાજને સ્વાર્થની વિષભરી જ્વાળા ગુંગળાવી રહી છે. રૂપીયાના રણકાર સાથે તાલ દેતી કંઇક લેખિનીઓ નૃત્ય કરી રહી છે."**

જેઓ પોતે આવા સુંદર ફકરાઓ પોતાને પાને ઉતારે છે, જેમ કરવું યોગ્ય છે, તેઓજ જો પોતાનો અવાજ રૂંધતા હોય તો શું કહેવું ? તેનો નિર્ણય સમાજ જ કરી લે. ધીરજલાલભાઇએ એટલું તો અવશ્ય ખ્યાલમાં રાખવું જ જોઇએ કે-આપણે જ્યાં સુધી આર્યભૂમિમાં હૈયાત છીએ, ત્યાં સુધી ગમે તેવા સ્વાર્થના પહાડો ઓળંગવાજ જોઇએ. છતાં આપણા જેવા અલ્પ મનુષ્યોમાં એ શકિત ન હોય, તો પણ એકના ગુણગાન ભલે કરવા તેમાં કોઇને કશું કહેવાનું ન હોય. પરંતુ તેમ કરવા જતાં આપણે આપણા પોતાનાજ ધર્મને નિંદીએ, સાધુસંસ્થા પ્રત્યેની પુજ્યતા ચૂકીએ, તો પછી આપણું સ્થાન ક્યાં એ નક્કી કરવું જ જોઇએ. એકના સ્થાપનમાં બીજાનું ઉત્થાપન કરવાની નીતિ નજ સેવવી જોઇએ. પત્રકારના સ્થાપિત સિદ્ધાંતો હિમાલય જેવા અચળ રહેવા જોઇએ.

તમે મારા સ્નેહિને તા. ૭--૧૨--૩૫ માં સ્થાન આપો તેથી મને જરા પણ વાંધો નથી. બાકી મારી આ લેખ સંબંધેની તટસ્થતાનો દાવો હજુ પણ હું આગળ ધરૂં છું. એનો નિર્ણય સ્નેહિ પાસે નથી કરાવવો. એટલી સમાજમાં શકિત છે ખરી, એમ એ ભાઇ સમજી લે. કેટલીક વખત માણસને સંજ્ઞામાં લખવાનો પ્રસંગ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આવે, પરંતુ તે ત્યારેજ કે—જ્યારે કોઇ માણસને દબાણને વશ થઇને પોતાના વિચારો જુદાજ હોય તે જાહેર કરવાનું હોય ત્યારે. બાકી હાલ જે રીતે સંજ્ઞાઓથી લખાય છે એમ તો નહીંજ.

જેઓને આ લેખ સંબંધે ચર્ચા કરવી હોય તેમને માટે છુટ છે. તે દલીલબાજીથી, નહિ કે આડાઅવળા થુંક ઉડાડીને. એમાં તો તમોજ ઉલ્ટા ઉઘાડા પડી જશો એ નક્કી સમજશો.

આશા છે કે—આ લેખ પર સુજ્ઞ જૈન ભાઇઓ વિચાર કરી યોગ્ય લખી નિંદનીય લખાણો સામે પોતાની કલમો ઉપાડી સમાજની સાચી સેવા કરશે.

લખાણ લંબાઇ જવાથી વડોદરા રાજ્ય અધિકારી વર્ગ વિષેના એમના વિરોધી અને સનસનાટી ભર્યા મંતવ્યો આવતા લેખાંકમાં રજુ થશે. શ્રીમંત સરકારના અધિકારી વર્ગ અને શ્રીમાન્ ગોવિંદભાઈ હાથીભાઇ દેશાઈના માટે જૈન સમાજમાં પ્રચાર કઈ રીતે થાય છે, એ જાણવું એથી સુલભ થઇ પડશે. તે પહેલાં તેઓ પોતેજ એક વિચારક બનવા માટે શું લખે છે તે જોઇએ.

તેઓ પોતેજ પત્રકારોને એક સિધ્ધાંતવાદી બનવાની સલાહ આપતાં, સં. ૧૯૮૯ ના અષાડ માસના 'જૈન જ્યોતિ'ના અંક ૨૨ મા પાના ૩૬૦ પર લખતાં કહે છે કે—

**" એક બાજુ સમાધાનીની વાતનો સ્વીકાર કરવો ને બીજી બાજુ કલેશોત્પાદક ચતુરાઈ ભર્યા લેખો લખવા એ સમાજનો હડહડતો દ્રોહ કરવા બરાબર છે.**

**" આજે એથીય આગળ વધીને તેઓ સલાહ આપે છે કે-દરેક જૈન પત્રકારે સમાધાનીનું વાતાવરણ**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**કેમ સરળ બને એવાજ લેખો લખવા જોઇએ ને સાચા દીલથી તે માટે તનતોડ મહેનત કરવી જોઇએ. બતાવવાના જુદા અને ચાવવાના જુદા જેવી પદ્ધતિથી તો ભારેજ નુકશાન થવાનું છે. છેતરનારાઓ સમાજને છેતરવા કરતાં પોતાના આત્માનેજ છેતરે છે તે તેમણે ભૂલી જવું જોઇતું નથી."**

આજે એક બાજુ વડોદરા રાજ્યની વાહવાહ બોલતાં, સમાજ અને સાધુસંસ્થાને ઉતારી પાડનારા લેખો લખવાથી તેઓ કઇ સેવા કરી રહ્યા છે? તેઓ નીચેનું લખાણ લખીને શું એમ માને છે કે સાધુ--સંસ્થામાં ઐક્યતા કરાવવા માગે છે? નહિ જ. એથી તો સાધુ-સંસ્થાની અવિવેકી ભાષામાં નિંદા કરી સમાજનો દ્રોહ કર્યોજ લેખાય.

તા. ૫—૧૦—૩૫ ના અંકના અગ્રલેખમાં લખે છે કે—

**" ત્રીજું જ્ઞાનખાતું ને ગુરૂપૂજન. સ્વાર્થી ગુરૂઓની આ કેવળ પ્રપંચજાળ છે. ચોથી બાબત અતિ ભયંકર છે. જ્ઞાન અને તપની આરાધનાના નામે શીલના વેપાર ચાલે** છે. એ પછી એમના શબ્દો એટલી હલકટ ભાષામાં લખાયા છે કે તે અત્રે લખતાં મારી કલમ પણ સ્થિર થઇ જાય છે. કોઇ પણ ન્યાયાધિશ આવા લેખકોને માટે સારો મત નહિ જ આપી શકે. એની ખાત્રી એ લેખક મી. ધીરજલાલને જોઇતી હોય તો આગળ આવે. વધુ હવે પછી. પણ આ ઉપરથી સમાજને હું એટલુંજ બતાવવા માગું છું કે-તેઓને સં. ૧૯૮૯ ના અને સં. ૧૯૯૧ ના મી. ધીરજલાલના વિચારો જુદા જુદા નથી જણાતા? જણાય, તો પછી તેઓ જાણીબુજી પોતાના આત્માને છેતરે છે એમ નથી માની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શકાતું ? આ વસ્તુનો ન્યાય કરાવવા તેઓને પણ મારું આહ્વાન છે, તે તેઓ સ્વીકારશે ?

આ પૂર્વેના લેખાંકોમાં કરેલી આગાહી મુજબ આ લેખમાળાનો જવાબ આપવા અસમર્થ નિવડેલા ભાઇ ધીરજલાલે ગમે તે રીતે થૂંક ઉડાડીને પણ પોતાની ઇર્ષાની આગને શાંત્વન પમાડવાનો ગંદો અને અનીચ્છનિય પ્રયાસ આદર્યો છે, એ ' જૈન જ્યોતિ ' પત્રના તા. ૭—૧૨—૩૫ અને તા. ૧૪—૧૨—૩૫ના અંકોમાં પ્રગટ થયેલા લખાણ પરથી સ્હેજે જોઇ શકાય છે. તા. ૧૪—૧૨—૩૫ના અંકમાં મારું ચર્ચાપત્ર પ્રગટ કરવાના ઓઠા હેઠળ મારી સામે ધુળ ઉડાડવાનો મિથ્યા પ્રયત્ન કર્યો છે. એ ચર્ચાપત્ર પ્રગટ કરતાં તંત્રી પોતાનું વણમાગ્યું ડહાપણ વાપરતાં લખે છે કે—'**એક પણ પ્રશ્નનો જવાબ આપવાને સમર્થ ન જણાતાં**' હવે એની સામે મારી જવાબ આપવાની કેટલી તૈયારી છે, એ વાંચી જવા પ્રત્યે વાંચકવર્ગનું લક્ષ્ય ખેચું. **જો એ** (પ્રશ્નકાર) **સ્નેહિમાં હિંમત હોય તો નામ સાથે બહાર આવો. દરેક પ્રશ્નનો જવાબ આપવા તૈયાર છું.**' તેઓ એમજ માની બેઠા હશે કે—વડોદરા રાજ્યના અધિકારીઓની તેઓની નીતિ વિષેની અજ્ઞાનતાનો લાભ લઇ, જેમ ગોળા ફાવે તેમ ગબડાવ્યા તેમ અત્રે પણ ચાલશે ? તેઓ પોતે સમતાભર્યું અને બુદ્ધિપૂર્વકનું લખે છે અને બીજાઓ તેમને સાચા સ્વાંગમાં ઓળખાવે એ ઝનુન અને અશ્લિલતાભર્યું લખે છે, એમ જણાવી ડહાપણ અને જ્ઞાનનો ઇજારો તેઓએજ રાખ્યો છે એમ શું ભાઇ ધીરજલાલ બતાવવા માંગે છે ? આજે વડોદરા રાજ્યે તમોને લાખ કે બે લાખ નકલો છાપવા આપી હોય અને વડોદરા રાજ્ય જેની સામે એક વખત પાશવી રાજસત્તા જેવા શબ્દો વાપરનાર ભલે તેની બોલબાલા ચલાવે, પરંતુ એ બધું લાંબો સમય નભવું મુશ્કેલ છે. આજે અશ્લિલતાભર્યું કોણ લખી સમાજમાં આગની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ચિનગારીઓ ફેલાવી રહેલ છે, એ તો 'વિકૃત આરાધના'વાળો અગ્ર-લેખ વાંચનાર પ્રત્યેક સુજ્ઞ વ્યક્તિ સમજી શકે. તમે આજે વડોદરાની જે બોલબાલા બોલાવી રહ્યા છો, તે માત્ર તમારા ઉપરના સ્વાર્થને આભારી છે ને? એમ ન હોય તો આજે સિદ્ધાંતો વચ્ચે એકાએક આવડો મેરૂ જેવડો તફાવત કરવાનું કારણ શું? શું શ્રીમંત સરકારનું જીવનચરિત્ર આલેખી શકે એવા સાક્ષરો ગુજરાતમાંથી પરવારી બેઠા કે આપની પસંદગી થઈ? ખરી વસ્તુ એમ નથી. આ સાક્ષરોની લેખિની તદ્દન સ્વતંત્ર રહે, એટલે રાજ્યને એ ન પરવડે એ દેખીતી બીના છે. એ માટે તમે કેટલો પરિશ્રમ વેડ્યો અને આખરે તમારા પંથના એક અધિકારીના કૃપાપાત્ર બનીને એ કામ મેળવ્યું, એની કદાચ દુનિયાને ખબર નહિ હોય. પરંતુ એ વસ્તુનો અથથી ઇતિ સુધીનો ઇતિહાસ મારાથી અજાણ્યો નથી. આપનું પુસ્તક બહાર પડ્યા પહેલાં કાંઈ પણ અભિપ્રાય આપવો, એ અત્યારે તો કવખતનું છે. પરંતુ એ સમય પણ દૂર નથી કે જ્યારે–એ પ્રકાશન મારા હાથમાં આવી પડશે. આ સ્થળે મારે એટલુંજ જણાવવાનું છે કેઃ– ભૂતકાળમાં પૈસાના રણકારે અનેક લેખીનીઓ વેચાઈ છે, વર્તમાનમાં વેચાતી જોવાય છે અને ભવીષ્યમાં જોવાશે. દેશી રાજ્યોના પ્રશ્નથી અજાણ એવી અનેક પાષાણ–હૃદયી વ્યક્તિઓએ જુલ્મગાર અને આપખુદ રાજવીઓને પ્રજાના બળતા હૃદયો પર કારી ઘાની જેમ દયાળુ અને ઉદારતાની મૂર્તિના ઇલ્કાબો આપી દીધા છે. અહીં વડોદરા રાજ્યની વાત નથી, છતાં કહેવું તો જોઇએ કે–વડોદરા રાજ્યે પણ આજ દિન સુધી ખેડુત પ્રજા માટે કાંઇ પણ કર્યું નથી. તે ખેડુત-વર્ગનો આજના પ્રસંગે બહાર પડતો ઉગ્ર પોકાર બતાવી આપે છે. રાજસ્થાની પ્રજાના પાપ કેટલા હશે કે-તેમના દુર્ભાગ્યે ભૂતકાળમાં કાંઇક લેખકોએ પોતાના સ્વાર્થ–પોષણની સિદ્ધિમાં વર્તમાન રાજવી-ઓની આપખુદી અને ઢાળની બીજી બાજુને ધોળા પર કાળા કરી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઢાંકી દીધા છે. એવા દ્રષ્ટાંતો માટે 'સૌરાષ્ટ્ર' અને 'રોશની' તાદ્રસ્ય પૂરાવાઓ છે. ભાઈ ધીરજલાલના પુસ્તકના સાહસ વિષે તો તે પ્રગટ થાય ત્યારેજ અભિપ્રાય દર્શાવી શકાય, પરંતુ અત્યારે તો ભૂતકાળમાં બનેલા બનાવોથીજ પ્રજાને સાવધાન રાખીશ.

ભાઈ ધીરજલાલની સંતાકુકડીની રમત અને ડરપોકપણું તો નિહાળો. મારૂં જે ચર્ચાપત્ર પ્રગટ કર્યું છે, તેમાં મને પ્રશ્ન કરનાર એક સ્નેહિ કોણ છે એની જે આગાહી કરી હતી, તે આખરે સાચી ઠરતી હોય એમ તેઓએ મારા ચર્ચાપત્રમાંથી ઉડાવેલી નીચેની બીના પરથી જોઈ શકાશે. કોઈના જવાબમાંથી આવી મુદ્દાની બાબત ઉડાવવામાં આવે ત્યારે એમજ મનાયને કે-તેઓ પોતેજ પ્રશ્નકારના સ્વાંગમાં હતા ? એમ ન હોય તો તેઓએ મારા એટલાજ શબ્દો કેમ ઉડાવી મૂકયા, જે નીચેની મતલબના છે.

**"જનતાને જણાવી દઉં કે—આ 'સ્નેહી'ના નામે લખનાર કોણ છે, એ પારખવું તેના માટે મુશ્કેલ નથી. કારણ બહુવચની લખાણ પત્રના તંત્રીઓજ અગ્ર-સ્થાનેથી કે પ્રાસંગીક નોંધો લખતાં કરે છે. આ પ્રશ્નના મંગળાચરણમાં પણ એજ દેખાવ દે છે. તે ગમે તે હો છતાં હિંમતભેર બહાર પડવા આહ્‌વાન છે. તે સ્નેહિ (?) સ્વીકારશે ?"**

ભાઈ ધીરજલાલે એટલું તો સમજવું જોઈએ કે—જનતાની વિચારશકિત પર કાંઈ જડતાના તાળાં નથી લાગ્યા કે-તે તમારા આવા ઉલ્ટાસુલ્ટા લખાણોને સમજી ન શકે. એક બાજુ જવાબ દેવા માટે હું અસમર્થ છું એ જણાવો છો, ત્યારે બીજી બાજુ મારૂં ચર્ચાપત્ર છાપી મેં જવાબ દર્શાવવા બતાવેલી તૈયારીને પ્રકાશન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આપો છો. છતાં જનતાને ગેરરસ્તે દોરવાનો પ્રયાસ કરો ત્યારે તો તમારા જ્ઞાનની અવધિજ મનાય ને ? જ્ઞાન ત્યારેજ ફળે કે—જ્યારે તેજ સંસ્કારના વાઘા પહેરે. સંસ્કારના વાઘા સજી બહાર આવતું જ્ઞાન કેવળ જ્ઞાન નહીં પણ સુજ્ઞાન છે. તમો તો સતાવધાની છો, છતાં જ્ઞાનના આટલા પ્રકારને ન સમજી શકો એ કેમ જ બને ? પરંતુ અહીં તો બને છે. તેઓના આજ દિન સુધીના લખાણો તપાસનાર તટસ્થ વ્યક્તિને જણાયા વિના નહીંજ રહે કે—આ જ્ઞાનનો દુરૂપયોગજ છે. આવા અશ્લિલતાભર્યાં લખાણો સમાજ કે લખનાર પોતાની જાતને માટે પણ હિતાવહ નથી, પરંતુ એક પત્રકાર તરીકે તમે જ્યારે જનતાને ગેરરસ્તે દોરવવાનો પ્રયાસ કરો, ત્યારે તો મારે તમને નગ્ન સ્વરૂપમાં સમાજ સમક્ષ મૂકવા એટલીજ મારી ફરજ. એનો મત સમાજ જ બાંધી શકે.

એક પત્રકાર તરીકે પણ ચર્ચાપત્ર પ્રગટ કરવા સાથે તંત્રીની નોંધને સ્થાન જ નથી. છતાંયે એ તમારે સમજવાની કયાં પડી છે ? પત્રકારોની જવાબદારી, તેમનું સ્થાન અને કૃતિયો શું હોઇ શકે, એ બધાને અભ્યાસ કરવાની ઝગડા આડે તમને ફુરસદ કયાં છે ? છતાં સમજો કે-ચર્ચાપત્ર એ રીતે મૂકયું, તો જવાબ આપવા અસમર્થ હોવાનું મારૂં ચર્ચાપત્ર જોયા પછી પ્રશ્નકાર તટસ્થ હોય, તો પત્રકારને તે પર પોતાની ટીકા કરવાનો શું અધિકાર છે તે જણાવશો ? પરંતુ અહીં સાચા પત્રકારિત્વને સ્થાનજ કયાં છે ? જોવાની તસ્દીજ કોને લેવી છે ? એ તો પાતાના મંતવ્યને વિચારચક્કીમાં મૂકયા બાદ એ બરાબર પીસાઇને બહાર પડે છે કે ભડકું ભરડાય છે એ જોવુંજ કોને છે ? વળી સમાજ તેઓને આ લેખમાળા પરથી સાચા સ્વરૂપમાં પિછાની ગયા છે, એ વડોદરાથી મળેલા સંખ્યાબંધ પત્રો તેમજ મુંબઇ અને કાઠિયાવાડમાંથી મળેલી ટપાલ બતાવી આપે છે. હવે તમારાથી બને તેટલું થુંક ઉડાડો, તેની લેશ માત્ર પરવા કર્યા વિના આ કલમ આગળ જ ચાલશે. **ભ. ક.**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હવે એ લેખમાળાનો ચોથો મણકો શરૂ થાય છે. સં. ૧૯૮૯ ના મહા-ફાગણના સંયુક્ત અંકમાં આગળ ચાલતાં તેઓએ ખરેખર વડોદરા રાજ્યની ન્યાય અને નીતિવિરોધી વલણ પ્રત્યે શંકા દર્શાવી છે, અને રાજ્યના અધિકારીઓએ બોલાવવા છતાં પૂ. મુનિરાજોને સાંભળ્યા નહિં; એ સંબંધે લખતાં જણાવે છે કે—

**"પરંતુ પ્રથમ જૈન સાધુઓને સાંભળવામાંજ ન આવ્યા, જયારે વિનંતિઓ થઈ ત્યારે તેનો સ્વીકાર થયા છતાં ખુદ શ્રીમંતે તેમને સાંભળ્યા નહિં અને દિવાન સાહેબે એક જૈનાચાર્યને સાંભળ્યા તે પણ પાંત્રીસ મીનીટ. જો કે તેમને જે કંઈ કહેવું હોય તે લેખિત આપવા કહેવામાં આવ્યું પણ વાસ્તવિક રીતે એનો અર્થ કંઈજ નથી."**

તા. ૯-૧૧-૩૫ ના અંકમાં જણાવે છે કે-

**"વડોદરા રાજયની સાથેનો સંબંધ વધારે ખરાબ કરીને તેઓ કયો લાભ હાંસલ કરવા માગે છે?"**

એકમાં વડોદરા રાજ્યે પૂજ્ય જૈનાચાર્યોને સાંભળ્યા નહીં, એમ જણાવી તેની સામે રોષ ઠાલવે છે, જ્યારે બીજામાં વડોદરા રાજ્ય સાથેનો સંબંધ કડવો નહિ કરવા સલાહ આપે છે. પોતાના અધિકારોની અવગણના જોઈ, તે મેળવવા માટે જો કાંઇ પ્રજા પુરૂષાર્થ આદરે, તેને સંબંધ કડવો કરવાનું જણાવવું, એ કયા તરંગી ભેજાનો તુક્કો છે? આજે વડોદરા રાજ્ય કોઇને અન્યાય કરે અને એ અન્યાય અમુક સંસ્થા કે કોમને લાગુ પડે, એટલે તે તેની સામે વ્યાજબી પોકાર પાડે, એને સંબંધ કડવો કરવાનું જ્ઞાન કયા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભેજામાંથી ફોળાઇને બહાર આવ્યું ? એમ તો આજે રાષ્ટ્રિય મહાસભા, રાજસ્થાનો સામે રાજસ્થાની પ્રજા પ્રજાના પ્રાથમિક અધિકારો માટે લડે અને તેમ કરતાં ઘર્ષણ થાય, તેથી શું સંબંધ કડવો થાય છે? થતો હોય તો પણ શું તેમ નહીં કરીને નીચી મુંડીએ અન્યાય બરદાસ્ત કરી લેવો ? એ કદી બન્યું નથી અને બનવાનું પણ નથી. કાલે વડોદરા રાજ્ય કહેશે કે—ચાલો જૈનોના અને બીજા મંદિરોનો કબજો લઈ લ્યો. પછી તેને લાગતા-વળગતા એ કબજો પાછો મેળવવા બંધારણ પુર્વક લડત ચલાવે, ત્યારે માત્ર તમો કહો છો તેમ મીઠો સંબંધ જાળવી રાખવા ખાતર એ બધું જતુંજ કરવું ને ? આજે એ ઉપદેશ તમારા સિવાય કોઇ પણ આપી શકે જ નહિ. તમે આજે મીઠો સંબંધ જાળવવા પાછળ મંડ્યા હો એટલે તમારા વ્યક્તિગત દાખલાના આધારે તમે કહો છો તે સાચુંજ છે, એમ ઠસાવવા. બીજાને આવા બોધ આપતા હો તો ભલે પરંતુ તમારી એ સલાહ સડેલા ફળની જેમ ફેંકી દેવાને જ યોગ્ય છે.

હવે તેઓ સં. ૧૯૮૯ વાળા અંકમાં આગળ વધીને કહે છે કે-

**“ આવો કોઈપણ યોગ્ય પ્રયાસ કર્યા સિવાય રાજ્ય પોતાનીજ મુનસફીથી અને પોતાના નીમેલા ધારાસભાના સભ્યોની બહુમતિથી કાયદો પસાર કરે તો જૈન સમાજ તેના સામે ગમે તેવી ઉગ્ર લડત આપે, તોપણ અયોગ્ય ન જ લેખાય. ”**

તા.—૯—૧૧—૩૫ ના અંકમાં જણાવે છે કે—**“ નિર્વીર્ય પુરૂષો જેવો તેમનો આ વિરોધ કોઇપણ જાતની ફળ પ્રાપ્તિ કરાવી શકે તેમ છે ખરો ? ”**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સં. ૧૯૮૯ના અંકમાં કહે છે કે–જો રાજ્ય પોતાની મુન્સફીથી પોતાના નીમેલા ધારાસભાના સભ્યોથી પસાર કરાવી જાય તો પણ ઉગ્ર લડત આપવી અયોગ્ય ન દેખાય. ત્યારે સં. ૧૯૯૧ માં એમની સૂચનામાં રહેલ તત્ત્વ જેવીજ ઉગ્ર લડત નહિ પણ પોકાર ઉઠે છે, ત્યારે તેને નિર્વીર્ય પુરૂષોનો વિરોધ હોવાનું જણાવી, તેનાથી કાંઇ નહીં વળે એમ શ્રીમંત સરકાર હજુ પોતાનો નિર્ણય જાહેર કરે તે પહેલાં આ બડા શ્રીમંત સરકારે પોતાનો અભિપ્રાય જાહેર કરી દીધો છે. આ પગલું બોલબાલાની અધિરાઇનો એક પ્રયોગ છે. હજુ તો આગળ જોવાના અનેક છે. તેમનો આ અભિપ્રાય કેટલો ઉતાવળીયો, કવખતનો અને આડકતરી રીતે શ્રીમંત સરકારની વાહવાહ પોકારનારો છે, એ સમાજ જાણી લે. આજે શ્રીમંત સરકારમાંજ બધી શકિતઓ જોનાર પોતાના સમાજને નિર્વીર્ય જણાવે, એ કેટલી હદે ધૃષ્ટતા કરે છે ?

જેઓ આજે કોન્ફરન્સને જૈન સમાજની સર્વસ્વ પ્રતિનિધિત્વ-વાળી એકજ માત્ર સંસ્થા તરીકે વર્ણવે છે, તેઓએ સં. ૧૯૮૯ના અષાડ માસના અંકમાં લખ્યું છે કે—

**“ શ્વે. કોન્ફરન્સ જૈન પ્રતિનિધિત્વવાળી સંસ્થા અવશ્ય હતી, પણ જુન્નેર કોન્ફરન્સ પછી તેના સામું બળ ઉભું થતાં તેની સત્તા પર ઘણો કાપ પડેલ છે. અને તેથી પહેલાંની સ્થિતિઓજ રહી નથી. ”**

આ સ્થળે મારે કોન્ફરન્સ સામે કંઇ પણ કહેવાનું નથી. પરંતુ કોનફરન્સ પણ આવાઓને જ્યારે પ્રોત્સાહન આપે છે, ત્યારે વડોદરા રાજ્ય સંબંધેની તેમની પરસ્પર-વિરોધી નીતિની સમાલોચના સાથે આ બાબત પણ જનતા સમક્ષ મૂકવા રજા લઉં છું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તા. ૯—૧૧—૩૫ના અંકમાં કોન્ફરન્સ સંબંધમાં મહાન્ બળવત્તી સંસ્થા હોવાનો ઉલ્લેખ કર્યો છે, ત્યારે હું તેમને પૂછીશ કે--તમારા કયા આંગળાના વેઢાની ગણતરીએ વળી બે વર્ષ પછી એ સંસ્થા એકલીજ સમાજમાં બળવત્તી હોવાનું જણાવો છો ? તમારી પાસે એ જાણવાની કોઇ અગમ્ય શકિત હોય તો ના નહીં. કોન્ફરન્સ ગમે તે હો તેને અહીં સ્થાન નથી, પરંતુ તમે સમાજમાં આજે વિચારોના જે ગોળા ગબડતા મૂકયા છે, તે કયાં સુધી પહોંચશે એ બતાવવા આટલો ઉલ્લેખ કરવો પડયો છે.

સં. ૧૯૮૯ ના માહ--ફાગણના અંકમાંથી નીચેના તેમના શબ્દો ટાંકી એજ સાલના જયેષ્ઠ માસના અંકમાં પણ વડોદરાના દીક્ષા નિયામક નિબંધ વિષેના તેમના અભિપ્રાય અને વિચારો જણાવીશ. સં. ૧૯૯૦--૯૧ માં તો મોટા ભાગે નિબંધનો વિરોધ કર્યાનું જણાવે છે, ત્યારે સં. ૧૯૮૯ ની સાલનું મંતવ્ય તપાસીએ.

**“ આ નિયામક નિબંધને જૈનોની મુખ્ય સંસ્થાઓ જેવી કે શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી, શ્વા જૈન શ્વે. કોન્ફરન્સ, ઑલ ઇંડિયા યંગ મેન્સ જૈન એસોસીએશન, શ્રી દેશવિરતિ ધર્મારાધક સમાજ ને મુંબઈ, અમદાવાદ, સુરત, ભાવનગર વિગેરે કોઈપણ મૂખ્ય જૈન વસ્તીવાળા શ્રી સંઘનો ટેકો નથી. એટલે જૈન સમુદાયના મોટા ભાગના અભિપ્રાયની અવગણના કરવી એ કોઈ પણ રીતે વ્યાજબી નથી. ”**

તા. ૯—૧૧—૩૫ ના અંકમાં જણાવે છે કે—“ **તેમના આ ઠરાવને અમદાવાદના શ્રી સંઘનો કે કોઈ જાણીતા સંઘ યા સંસ્થાનો ટેકો નથી.** ”

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એક વખત તંત્રીજી લખે છે કે આવી આવી મોટી સંસ્થાઓનો વિરોધ હતો. આ તેઓએ નજરે અનુભવેલી બીના છે, છતાં આજે પાછા ગાડાના ચક્કર માફક પલ્ટી મારતાં કહે છે કે-કોઇનો ટેકો નથી; એ પાછળ કઇ ભૂતાવળો ઉભી થઇ છે કે--સત્યના અવાજને તેઓ રૂંધી રહ્યા છે? કયા ચક્રાવામાં પડયા છે કે-- આમ બોલે બોલે ફેર ફરવો પડે છે. સુધારાના જમાનામાં ક્રાંતિ, બસ ક્રાંતિ એ આવીજ ક્રાંતિ હશે? એક વખત બોલેલું બીજી વખત ફોક થઇ જતું હશે? એક વખતનો સ્થાપિત કરેલો સિધ્ધાંત શું સ્વાર્થની આંધિમાં અટવાઈ જતો હશે? આ બધાનો સ્પષ્ટ ખૂલાસો કરો તો સમાજ વળી તમારા સુધારાની બંસરી બજાવે, રે સ્વાર્થ! રે ક્રાંતિની ખોટી ભ્રમણા!!

ખોટા સુધારાની ભ્રમણા ભાંગ્યા પછી સમાજને હવે હું જણાવીશ કે-મારા આ સંબંધેના લેખોની ભાષા ઉપરથી તેઓ જોઈ શકેલ હશે કે-મેં મારા લેખાંકોમાં વિવેક અને સભ્યતા જાળવી રાખ્યા છે. અશ્લિલતા અને અસભ્યતાથી લખવામાં જેઓ આત્મસંતોષ લેતા હોય તેઓ ભલે લે, પરંતુ મારા તરફથી હવે પછી પ્રગટ થનાર આ લેખમાળાના બીજા મણકાઓ પણ ભાષાની સંપૂર્ણ મર્યાદા સાથે સચોટ દલીલ-પૂરાવાઓ સાથેનીજ બાબત અગાઉની માફક સમાજ સમક્ષ રજૂ કરવામાં આવશે.

**પડદા બીબીના ખેલ—**

આ અગાઉના લેખાંકમાં જાહેર કર્યા મુજબ પ્રશ્નકાર તરીકે લખનાર ભાઇ ધીરજલાલ હોવા જોઇયે એમ તેઓએ એ વિષેનો મેં મોકલેલ ખુલાસો નહિં પ્રગટ કરીને સાબિત કરી આપ્યું છે. મારા જાહેર જીવનને લગતા બીજા પ્રશ્નો હજુ પુછવાના હતા ત્યાં સ્નેહિના સ્વાંગમાં ઉભા થયેલા ભાઇ આમ એકાએક એ બીના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પર પડદો કેમ પાડે છે? જો નામ સહિત બહાર આવો તો હજુ પણ તમારા પ્રશ્નોના જવાબ આપવા તૈયાર છું. પરંતુ જેમનો ધંધોજ ધમપછાડાનો છે, જેઓ સમાજના સંગઠ્ઠન પર છીણી ફેરવવા બેઠા છે. તેઓને જાહેરમાં બહાર પડવાની હિંમત કયાંથી જ હોય? એ તો પડદાબીબીના ઓઠેજ રહીને બને તેટલી ઇર્ષા અને અહંભાવને પોષે છે. વળી ફટાકડા ફોડનાર રખડુ રેઢીયાળે ગુમાસ્તા મંડળની હિલચાલ પર ઉતરી પડી મારી એ વિષેની પ્રવૃત્તિ સામે જે પ્રહારો કર્યા છે તે બીજાઓ સેવા કરે તે પણ દેખી ખમાતું નથી—એ બતાવી આપે છે. એ રમતીયાળ બીરાદર પણ કોણ છે, એનો ઘટસ્ફોટ થોડાક વખતમાં થઇ જશે.

## જાતે જઇને ઉભા રહેવાનાજ—

પિત્તળ પર સોનાનો ગમે તેટલો ગીલેટ કરો તો પણ ભલે થોડીકવાર લોકો એને સોનું માની બેસવા જેટલી ભ્રમણામાં પડી જાય, પરંતુ ૪--૬ મહિને એ ગીલેટ ભૂંસાઈ જતાં તે નકલી સ્વરૂપથી દૂર થઇ અંતે પિત્તળ, પિત્તળ તરીકેજ રહે છે. ભાઇ ધીરજલાલ પોતાની જાતને પત્રકાર મનાવે અને પત્રકારિત્વથી ઉલ્ટા રસ્તે ચાલે ત્યારે તેમને પત્રકાર કહેવા કે પક્ષકાર એ એક પ્રશ્ન થઇ પડે છે. સમાજના પૈસેથી તેઓ નભી રહ્યા છે, છતાં એજ સમાજના હિતની વાતો કરનારે આજસુધી કેટલા કાર્યો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે કર્યા? આજે એવાઓ માને છે કે અમે સમાજના આપમતીયા વકીલો છીએ, સમાજને અમે ધારીએ ત્યાં દોરી શકવા સમર્થ છીએ. અમારી સામે બોલનાર માટે દલીલબાજી ન હોય તો ગાળોનો ભંડાર ભરપૂર રાખીએ છીએ. અમે જે કહીએ છીએ તે સમાજના હિતનેજ માટે. પણ અમને એ કાંઈ બંધન કર્તા નથી. અમારી સામે લાલ આંખ કરનારને અમો લેખણના એકજ ઝટકે બેસાડી દેવા તૈયાર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છીએ. તેઓનો આ બકવાદ અર્થહિન નથી. કારણ કાર્યશૂન્ય બનેલો સમાજ એવાઓને ' કરશે તે ભરશે ' એવા શંખોના નામ લેવાથી શું ફાયદો, 'કરતો હોય તેમ કરવા દ્યો.' અને આ જાતના નબળા વિચારો પર નિર્ભર રહેવા દે છે એ પણ એક મહા પાપ છે. જેણે પેટની ખાતર—સ્વાર્થની ખાતર વડોદરા રાજ્યની આજે ભારોભાર ભાટાઇ આદરી છે અને એ ભાટાઈ ઉઘાડી પાડનારા લેખાંકો વિષે દલીલબાજી અને વિચારશકિતથી પરવારી બેઠેલ છે, તે ભાઇ ધીરજલાલે આજે પોતાના પત્રદ્વારા જનતાને છેતરવાનું એક મોટું ધમંડ આદરી જાહેર પ્રશ્નોને વ્યકિતગત લઇ વ્યકિતત્વ ઉપર હુમલો કરવાનું હવે શરૂ કરી દીધું છે.

## સાચું સ્વરૂપ દેખા દે છે—

તા. ૨૧—૧૨—૩૫ના " જૈન જ્યોતિ "ના અંકમાં કોઈ ફટાકડા ફોડનાર રેઢીયાળે મારા વ્યક્તિત્વ પર હુમલો કરતાં જે ભાષાનો વ્યભિચાર કર્યો છે અને જેને સાથ આપવામાં તંત્રીએ પોતાની સંકુચિત બારી ઉઘાડી રાખી છે, તે જોતાં હવે જણાય છે કે તેમના પરિવર્તન વિષેના લેખના એક શબ્દ સામે તેઓ દલીલથી જવાબ આપવા માટે ખોડાઢોર જેવા વિચારપાંગળા બની ગયેલા હોઇ હવે ગાળો દઇને પેટ ભરવાનો ધંધો આદર્યો છે. એ સામે મારે એટલુંજ કહેવાનું છે કે ઉપર જણાવેલી સમાજે આજસુધી પોષેલી ઉપેક્ષા વૃત્તિ આ લેખમાળાના લેખક કદી નહિં સેવે. કદાચ અમુક પક્ષનો આજે તમારા કૃત્યને ટેકો હશે પરંતુ એવા પક્ષોને પણ મારી ચેતવણી છે કે જેણે સ્વાર્થની ખાતર પોતાના સમાજ અને ધર્મની નિંદા કરવા માંડી છે, પાપી પેટની ઇર્ષાનો અગ્નિ બુઝાવવા જેણે ધૂળ નાંખવાનો પ્રયાસ કર્યો છે, તે આજે સ્વાર્થની ખાતર જ્યારે પોતાના પૂજનિકોની હડહડતી નિંદા કરી રહેલ છે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અને પોતાના મંતવ્યને દગો દઈ રહેલ છે, તે કાલે વળી બીજા સ્વાર્થની આંધિઓ ખડી થતાં તે પક્ષને દગો નહિં દે તેની શું ખાત્રી? મને તો આશા છે કે આજે તે ભાઇ જેવા છે તેવા આબાદ પોતાનાજ અપકૃત્યોથી દેખાવા લાગ્યા છે અને તેમના વિચારોના પરિવર્તનવાળી લેખમાળાએ તેમાં ઓર રંગ પૂર્યો છે. આજદિન સુધી જેઓએ તેની સામે સત્ય ભાષામાં લખ્યું છે કે જેઓએ તેના સ્વાર્થોને ઉઘાડો પાડ્યો છે, તેઓ સામે વાણીનો વિલાસ સેવા ગમે તેવો ઉભરો કાઢ્યો છે અને એવા ઝઘડાબાજોની સાથે લડવામાં શું સાર? તેઓ તો સર્વસ્વ ગુમાવીને બેઠા એટલે ગુમાવવાનું આપણનેજ હોય છે એમ માની સમાજની કેટલીએ વ્યકિતઓએ તેનો પ્રતિકાર જોઇએ તેટલા પ્રમાણમાં કરવાની દરકાર કરી નથી. પરંતુ એક ઝેરી બીજને જો ઉગતુંજ ડારવામાં નહિં આવે તો તે મોટું થતાં સમાજમાં અનેક ઝેરી તત્ત્વો ફેલાવી જશે.

### ઉપેક્ષાવૃત્તિ નહિં સેવાય—

બીજાઓએ ગમે તેટલી ઉપેક્ષાવૃત્તિ સેવી હોય પરંતુ આ સ્થળેથી જાહેર કરૂં છું કે એવાઓને તેમના સાચા સ્વાંગમાં ઓળખાવવા માટેનો એક પણ પ્રયાસ આ લેખના લેખક જતો નહીંજ કરે. ભલે ભાઇ ધીરજલાલથી વરસાવાય તેટલો ગાળોનો વરસાદ વરસાવી દે. કુતરા ગમે તેટલા ભસશે છતાં આ લેખનની વણઝાર આગળજ કૂચ કરશે. કોઇ સ્વાર્થ કે ખુશામત એને અટકાવવા અસમર્થજ નીવડશે. આવા સ્વાર્થીઓને અને ભાટોને બને તેટલા નગ્ન સ્વરૂપમાં ઉઘાડા પાડવાનો પુરૂષાર્થ લેશમાત્ર અટકશે નહિં.

### પત્થરો કોણ છે?—

છેવટે દલીલબાજી ન રહી, એટલે મારી માતૃભુમિ જે પત્થરોની ભુમી તરીકે ઓળખાય છે, તેની ઉપમા આપવા રેઢીયાળે પોતાનું કપાળ ફોડતાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રયાસ કર્યો છે. પરંતુ ભાઈ એટલું તો સમજો કે જે સમાજે તેઓને પાળી પોષી મોટા કર્યા, જે સમાજની સેવાના નામે આજે ચરી ખાય છે તેજ પોતે જન્મેલા તે કુળવાળા સમાજ પર, તેની પૂજનિય સંસ્થા પર આજે વિવેકશૂન્ય બની નપુંશક પ્રહારો કરી રહેલ છે ત્યારે તો ખરેખર તમો સમાજને માથે સેવકો નહિં, પરંતુ પત્થરો સમાન છો. હજુ એ રમતીયાળને પત્થરનો પરચો થયો લાગતો નથી. જે ઘડીએ એ પરિચય થશે તેજ ઘડીએ માથાભારી વિકૃત ભેજાઓનો ભાંગીને ભૂક્કોજ થઈ જશે. પત્થર જેવી નીર્જીવ વસ્તુ પણ આજે સમાજને મકાનો વી. કામમાં ખપ લાગે છે, પરંતુ પત્થર સમાન હૈયાવાળા જડસુઓ આજે ઉપયોગમાં આવતાં નથી એટલુંજ નહિં પણ એતો ઉપરથી સમાજને માથે બોજારૂપ થઇ પડે છે. એક નિર્જીવ વસ્તુ જેટલો પણ તેમનો ઉપયોગ નથી, તે હોય તોયે શું અને ન હોય તોયે શું? જેમનું અસ્તિત્વ સમાજને બોજારૂપ છે, જેમની રહેણી કરણી સમાજ અને શાસનને ભયરૂપ છે, જેની વાણીમાં મૃદુતા અને સરળતાને સ્થાને તુચ્છકાર અને તોછડાઇ ભારોભાર ભર્યા છે, જેમના વિકૃત ભેજામાં ઈર્ષા અને અહંભાવની આગ જળી રહી છે, જેઓ ડગલે ને પગલે સમાજને છિન્નભિન્ન કરવા છીણી ફેરવી રહ્યા છે અને સ્વાર્થ લોલુપતામાં જેઓનું વિવેક લોચન ગુમ થઇ ગયું છે, તેવાઓ સમાજની સેવાના સ્વાંગ નીચે અંગત સ્વાર્થનેજ પોષી રહ્યા છે અને એવા બધા સમાજને માથે પત્થરની માફક બોજારૂપજ છે.

## અજ્ઞાનો પણ ઓળખી લેશે—

આજસુધી સમાજનો બુધ્ધીમાન વર્ગ તો તેમના સ્વરૂપને યથાર્થ પીછાનતો આવ્યો છે. પરંતુ જ્યારે મારી લેખમાળાનો જવાબ આપવાની એક પણ બારી રહી નથી ત્યારે આમ તેમ હવાતીયાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મારતાં 'જ્યોતિ' કાર હવે પોતાના અસલ સ્વરૂપમાં સ્વયંમેવ પ્રગટી નીકળ્યા છે. આખરે ગાળાગાળીના તેમના અસલ સ્વભાવ પર ચડી ગયા છે. એટલે એવાઓને જડબાતોડ જવાબ આપવોજ જોઇએ. સમાજ આ લેખમાળાની ભાષા અને સામાન્ય સમજ મુજબની લેખનશૈલી ઉપરથી એટલું તો સમજી શકયો હશેજ કે સમાજમાં આગની ચીનગારીઓ ક્યારે મૂકવી, તેમાંથી અંગત સ્વાર્થ કેવી રીતે સાધવો એ નીતિને અનુસરનાર કોણ છે? હવે એમનું એક પણ ધમંડ ચાલવા દેવામાં આવશે નહીં. એકે એક જુઠ્ઠાણાનો સચોટ પ્રતિકાર કરી તેવાઓને ઉઘાડા પાડવામાં આવશે. જુઠ્ઠાણું બહુ દિન નિભાવ્યું, હવે નભવાનું નથી. સમાજમાં ગોળા બહુ દિવસ ગબડાવ્યા હવે તો ગબડવાના નથી. સમાજના સલાહકાર બહુ દિવસ બની બેઠા હવે એ નભવાનું નથી, એમ ભાઇ ધીરજલાલ પોતાના હૃદયમાં કોતરી રાખે.

**શ્રીમાન ગોવિંદભાઇને—**

અત્રે વડોદરા રાજ્યના દીક્ષા નિયામક નિબંધ સંબંધે હું કાંઇપણ કહેવા માંગતો નથી. એ સામેના મારા વિરોધ સિવાય બીજી રીતે આજે ગાયકવાડ નરેશને રાજસ્થાનોની હરોળમાં અને એક સુધારક રાજવીની સરખામણીમાં તેઓશ્રીને મોખરે માનતો આવ્યો છું અને માનું છું. એટલે વડોદરા રાજ્યમાં બધે સુખ છે એવો પણ તમારી માફક ભાટાઈ કરનારો ઇલકાબ નજ આપી શકું. અંગત રીતે શ્રીમંત સરકાર પ્રત્યે બહુમાન ધરાવું છું, પરંતુ એમ તો નજ કહી શકું કે તેમનો રાજ્ય અમલ સર્વાંશે સંપૂર્ણ છે પરન્તુ બીજા દેશી રાજ્યોની આપખૂદીના પ્રમાણમાં વડોદરા રાજ્યમાં એટલી હદની આપખુદીના દર્શન નથી થતાં. છતાં કોણ જાણે શ્રીમંત મહારાજા સાહેબ દીક્ષાનો કાયદો કરવા કયા વાસ્તવિક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કારણોથી પ્રેરાયા ? મને લાગે છે કે એ વખતે 'જ્યોતિ'કાર જેવા અવળા પ્રચારકોની ભ્રમણામાં દીક્ષા તપાસ સમિતિના પ્રમુખ શ્રીમાન ગોવીંદભાઈ હાથીભાઇ દેશાઇ દોરવાઇ ગયા હોય તો ના કેમ કહી શકાય ? શ્રીમંત સરકાર તેમજ શ્રીમાન ગોવીન્દભાઇ અને તેમના શોઠીયાઓને મહારાજા સર સયાજીરાવનું જીવનચરિત્ર આલેખનાર ભાઇ ધીરજલાલના આજના પરિવર્તનનો ભેદ જાણવા મારી નમ્ર સલાહ છે. વડોદરા જેવું રાજ્ય આવા ભાટોના એકાએક હથીયાર બની પોતાના ગુણગાન કરાવે તો પણ તેમાં વિચક્ષણતા નહિંજ લેખાય. ભાવી ઇતિહાસ કહેશે કે જેણે એક વખત દીક્ષાના કાયદા સામે વડોદરા રાજ્ય, તેના અધિકારીઓ અને ખૂદ શ્રીમંત સામે ઉગ્ર સ્વરૂપે ભાષાની મર્યાદા મૂકીને લખ્યું હતું, તેનાથી એક યા બીજી રીતે ભવિષ્યમાં તેવું ન લખાય માટે વડોદરા જેવા એક સમર્થ રાજ્યે તેને આશરો આપ્યો. આવા સિદ્ધાંત પરિવર્તનકારને વડોદરા રાજ્ય ન સમજી શકે એ બનેજ કેમ ? અને જ્યારે એમ બની રહ્યું છે ત્યારે એના ઉંડાણમાં ઉતરવાની મારી શ્રીમાન ગોવીંદભાઈ વી. માન્યવરોને વિનંતિ છે.

## એમને સુણાવી દેજો કે–

જો વડોદરા રાજ્યની ભાટાઇનું એમણે બીડુંજ ઝડપ્યું છે અને રાજ્ય એ વસ્તુને જાણી બુજી આંખ આડા કાન કરી નભાવવા દેય છે અને દેનાર છે, ત્યારે શ્રીમંત સરકારને મારી વિનંતી છે કે આપના જીવનચરિત્રના લેખકને પૂરતી દક્ષિણા આપજો. એ સામે મારો કાંઇ વાંધો નથી. સાથે સાથે સત્યના બે સૂર પણ સંભળાવજો કે આજે અત્રેનો સ્વાર્થ ભલે સાધ્યો પણ તમે અમને અંધારામાં રાખીને આ ભૂરશી દક્ષિણા લઇ જાવ છો એમ ન માનતા. સકારણ પૈસાના રણકારે અમે અનેક લેખિનીઓ ખરીદવા સમર્થ છીએ, જાવ તમારૂં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભરો! સાથે સાથે બે શબ્દો એ પણ સમજાવજો કે જે પોતાના સમાજનો નથી થયો, જે પોતાના પૂજ્ય દેવો પ્રત્યે અશ્લિલતાથી લખી રહેલ છે, તેને અમે અમારો માત્ર આટલા પ્રસંગ પુરતોજ માન્યો છે. અમારૂં એક વખત ખરાબ લખનારના કાંડા કલમો કાપી અમે તેને બેવકુફ બનાવ્યો છે એમ વડોદરા રાજ્ય ખરેખર ગર્વથી કહી શકશે. પરન્તુ ભાઈ ધીરજલાલ શું જવાબ આપશે? વડોદરા રાજ્યની આમાં કુનેહ છે. એ કુનેહ સ્વાર્થીઓને મ્હાત કરવામાં ફાવી છે. સ્વાર્થ માનવી પાસે શું શું કરાવે છે અને નથી કરાવતો એનો આ લેખમાળા તાદ્રશ્ય પુરાવો આપે છે.

મને એ પણ ખાત્રી છે કે શ્રીમંત આવાઓના પ્રચાર બલ પર વધુ વિશ્વાસ હવે પછીથી નહિં મુકતા આવા પ્રદર્શનો કરાવવાનું બંધ કરશે.

બીજાને બેવકુફ બનાવવા નિકળેલાઓને આટલો જવાબ બસ છે. આ લેખમાળાનો પાંચમો મણકો હવે શરૂ થાય છે. એ બ્યાન લંબાણમાં હોઇ આ લેખાંક પછી સમાજના અગત્યના પ્રશ્નો ચર્ચવામાં આવશે આવા લેખકોને જવાબ દેવા પાછળ બને તેટલો ઓછો સમય રોકી સમાજહિતના પશ્નોની સમીક્ષા કરવામાં આવશે.

સંવત ૧૯૮૯ ના જ્યેષ્ઠ માસના "જૈન જ્યોતિ" ના અંકમાં પાના ૩૧૯ પર **'સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ'** ના શિર્ષક હેઠળ ભાઇ ધીરજલાલ લખે છે કે.

**"રાજ્યસત્તાને વચ્ચેલાવવાની બેવકુફાઇ કરવી તે જૈન સમાજના હિતની વિરૂદ્ધ છે."**

હવે તા. ૯-૧૧-૩૫ નો અંક તપાસો. **"આપણા માટેની સારી છાપ પાડવી કે જેથી બીજા સ્ટેટોમાં પણ આવા પગલાં ભરવાની જરૂર ન રહે."**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અંકમાં ભાઇ ધીરજલાલ જેઓ ધાર્મિક હિતોમાં રાજ્યના ક્ષેપની હીમાયત કરે છે. તેઓને તે ખરેખર બેવકુફ માને છે તેમ કરવું તે જૈન સમાજના હિતની વિરૂદ્ધનું હોવાનું જણાવે એ વખતના સમાજના હેતના કટકા બની બેઠેલા એજ ભાઈ આજે બીજા રાજ્યોને આડકતરી રીતે એવા કાયદા કરવાની હિમાયત કરે છે એટલુજ નહિં પરંતુ વડોદરા રાજ્યને આ પગલા માટે અભિનંદન આપવાની બેવકુફાઇ બીજાજ પળે કરે છે એ એમના શતાવધાનિ ભેજાનો ભંગાર નહિં તો શું? પરંતુ વિચારના એ પાખંડો આ સ્વતંત્રતાના યુગમાં નહિં ચાલી શકે.

એજ અંકમાં આગળ ચાલતાં ભાઇ ધીરજલાલ જણાવે છે કે **"સં. દી. નિ. નિબંધની ગંભીરતા સમજ્યા વિના કેવળ પક્ષનો વિજય કરવાની બુદ્ધિથીજ કેટલાક સમજુ ગણાય તેવા માણસોએ પણ એની તરફેણ કરી કુહાડામાં હાથો ભળવા જેવું કાર્ય કર્યું છે એટલુંજ નહિં પણ તેઓ આ પ્રશ્નથી એટલા બધા ઝનુની બન્યા છે કે સં દી. ની. નિબંધ પસાર થવાથી (મુંબાઈમાં) દુધપાક પુરીનું જમણ કરીને જમ્યા છે."**

તા. ૯-૧૧-૩૫ ના અંકમાં જુઓ

**"જેની છત્રછાયા નીચે આજે ૪૨૦૦૦ શ્વે. મૂ. જૈનો વસે છે, અને અનેક જૈન સંસ્થાઓ ચાલુ છે તેની સાથે સંબંધ બગાડીને તેઓ જૈન સમાજનું કેટલું અનિષ્ઠ કરે છે તેની કલ્પના પણ તેઓને આવે છે ખરી ?"**

**કોન્ફરન્સના સંચાલકોને.**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગયાકાલે જેઓ દિ. નિ. નિબંધને ટેકો આપનારાઓને ... ડીના હાથા કહે છે જે ખાસ કરીને કોન્ફરન્સના અગ્રણીઓનેજ ઉદ્દેશીને છે. ત્યારે બીજા સ્થળે વડોરા રાજ્ય સાથેનો મીઠો સંબંધ નહીં બગાડવાની સલાહ આપે છે. વળી તેઓ દુધપાક પુરીનું જમણુ જમનારાઓની દયા ખાય છે. આટલી હદનું માનસ ધરાવનાર ભાઇ ધીરજલાલ આજે એજ કાયદાના વિરોધમાં અનિષ્ઠ ભાવીની આગાહી કરે છે. જે ભાઇ કોન્ફરન્સને પક્ષ મોહનો વિજય છોડી દેવા કહે છે તેઓ આજે એમના નિબંધ માટેના મોહને વધાવી લે છે. દુખની વાત તો એજ છે કે આટલા ભીન્નભીન સિદ્ધાંતવાદીને કોન્ફરન્સના સુત્રધારો ઉઘાડા પાડી શકતા નથી. હું એમ તો માનું છું ને સૌ કોઇ માનેજ કે કાં તો પુરો વિરોધી સારો કાં તો તરફેણુ કરનાર સારો પણ આવા "દોગલા" નહિં સારા, જે સ્વાર્થના નમતા પલ્લામાંજ બેસે છે. એક વખત આ બાજુ તો વળી બીજી વખત બીજી બાજુ. આ નીતિવાળા સમાજ–સંસ્થા કે ધર્મ માટે ભયરૂપ છે. એમનામાં કેટલી હદે વિશ્વાસ મુકી શકાય એ પણ આજે વિચારણીય પ્રશ્ન થઈ પડયો છે. તેમ છતાં જો એવાઓને માત્ર આજે પોતાની તરફેણુ કરે છે એટલે ચાલવા દો એ ન્યાયે અણુસ્પર્શી રહેવા દેવામાં આવશે તો ભવિષ્યમાં મોટા તડવાડાઓ વધશે. સમાજમાં એઓ શાંતિના નામે કલહના વૃક્ષને ઉલ્ટા મંતવ્યોનું જળસિંચન કરી વિખવાદ ફેલાવશે. આટલી નમ્ર સૂચના કોન્ફરન્સના આગેવાનો અવસ્ય લક્ષમાં લેશે એવી આશા છે.

**વડોદરા રાજ્યપર પ્રહાર.**

એજ અંકમાં આગળ ચાલતાં તેઓ લખે છે કે,

**"વડોદરા રાજ્ય ધારાસભાએ ૧૮ વર્ષની ઉમ્મર ઠરાવી બેવકુફ બનાવ્યા છે એમ કહયા વિના ચાલતું નથી"**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ત્યારે ના
રાજ્યને જૈન
આશિર્વાદ આ રો અને ધ
એક વખ
બનાવ્યાનું જણ વર્ષો
માટે વારી
માટે જે અભિપ્રા
શ્રીમંત સરકાર ધૂપ-અ
વાચીને અને બીજ
માણસ શ્રીમંતનું
છીએ ? પોષના અને વાક્યો . રે છે કે.

**"જૈન જ્યોતિ કોઇ શ્રીમંતના કૃપાકટાક્ષ પર ?**
**પક્ષના વાજિંત્ર તરિકે ચાલતું નથી."**

તેઓનું આજે જે સ્વાર્થી પરિવર્તન થયું છે એ
એમનો ઉપરોક્ત દાવો માત્ર શબ્દોમાં રહેવા સિવાય
'પોથીમાના' જેવોજ લાગે છે ને ? ગઇકાલે એ વડોદરા રાજ
કોઇ એક સ્વાર્થ માટે પત્ર દ્વારા પ્રહારો કરતા તે આજે બીજા
માટે વડોદરા રાજ્યની મીઠી નજર મેળવી પોતાની ભૂ
કારકીર્દિ પર કુચડો ફેરવવા આજે યશોગાન કરી રહ્યા

આનો જવાબ ભાઇ ધીરજલાલ આપી શકશે ખરા ?

વળી સંવત ૧૯૮૯ ના પોષ માસનાં અંકમાં પોતાના
જાહેર કરતાં મી. ધીરજલાલ લખે છે અને જો વર્તનમાં
તે સત્યજ છે કે "ગમે તેવાં કાળાધોળાં કરીને પ
પેદા કરનારો વર્ગ સમજે છે કે સામાન્ય માણસો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**સેવાથી પણ જે નામના પ્રાપ્ત કરી શકતા નથી તે એકાદ કોથળી ઓછી કરી શકવાથી આપણને મળવાની છે."**

આ વાકયો પરથી એટલોજ પ્રશ્ન કરી શકું કે ગઇકાલે શ્રીમંત સરકારની બદબોઇ ગાનાર આજે કયા રણકારે તેમને ધર્મના તુલનાત્મક વી. વાકયોથી નવાજે છે? આ વસ્તુનો ખુલાસો જાહેરમાં મૂકવા ભાઇ ધીરજલાલને વિનંતી છે. શું આજની આ લાખ બે લાખ નકલોનો પ્રભાવ પડયો છે કે આજે વળી આમ ભરડવા લાગ્યા છો? તમેજ એ અંકમા આગળ કહો છો એ તમારાજ શબ્દો તમારી સામે મુકું, સંવત ૧૯૮૯ પોષ માસનો અંક જુઓ.

**"આજના પ્રગટ થતાં પુસ્તકો તરફ પણ નજર કરો એની સો કે દોઢસો નકલ લેવાથીજ વ્યભીચારી કે અનેક દગા ફટકાથી ધન મેળવી ધર્માત્મા થઇ બેઠેલ હોય તે પણ તેના પ્રકાશકો દ્વારા સદ્‌ગુણસંપન્ન અને ઘણી વખત તો સર્વગુણસંપન્નનો ઇલકાબ પણ મેળવી શકે છે. આવી ભાટાઇ કરનારા લેખક કે પ્રકાશક તથા એ રીતે નામના ખાટવાની ઇચ્છા રાખનાર મહાશયો બંન્ને સમાજની નીતિ બગાડવામાં સરખાજ ગુન્હેગાર છે."**

આજે સમાજની નીતિને તમારી સરાણે ચઢાવવા માગો છો એટલેજ વડોદરા રાજ્ય સામે ગઇકાલે સત્ય લખેલ બીનાને આજે લેખક અને પ્રકાશક બની ભાટાઈ કરવાજ બહાર પડયા છો કે બીજું કાંઇ? તમે તમારા અંતરાત્માને પુછો કે ઉપલું તમારૂંજ કથન તમને કેટલા અંશે લાગુ પડે છે? અત્રે વડોદરા રાજ્ય કે શ્રીમંતના કાઇ ગુણદોષની ચર્ચાને સ્થાન નથી પણ આ લેખક મહાશયની ભાટાઇને જ સ્થાન છે. તમે પોતેજ તમારાજ પ્રકાશનો પર નજર કરો તો જણાશે કે તમે તમારીજ જાતને છેતરી રહ્યા છો ધતીંગોની પણ હદ હોય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**વડોદરા રાજ્યસત્તાનું પશુબળ—**

સંવત ૧૯૮૯ ના જ્યેષ્ઠ માસના અંકમાં આગળ ચાલતાં ભાઇ ધીરજલાલ લખે છે કે—" **રાજ્યસત્તા કયા પ્રકારે જૈન સમાજનું હિત કરવા ઇચ્છતી હશે તે સમજ પડતી નથી. ૧૮ વર્ષ સુધી મનુષ્ય ત્યાગમાર્ગ નજ સ્વીકારી શકે એવો કાનુન કરવો એ એક પ્રકારનો જુલ્મ છે, રાજસત્તાની પાસે રહેલા પશુબળનો પ્રત્યક્ષ પરિચય છે.** "

તા. ૯-૧૧-૩૫ના અંકમાં કહે છે કે—"**વડોદરા રાજ્યની ધારાસભામાં એને લગતી ચર્ચા આવી અને પ્રજાકિય સભ્યોની ભારે બહુમતીથી સં. દિ. નિ. નિબંધ હસ્તીમાં આવ્યો. વડોદરા નરેશે અન્યાય ભરેલું પગલું ભર્યું છે એમ જાહેર કરવામાં તેમને જરાયે શરમ ન આવી.**"

વડોદરા રાજ્યે દિક્ષાનો કાયદો કર્યો તે માટે રાજ્યે પાશવી બળ કર્યાનું કહેનાર એનો વિરોધ કરનારને તેમ કરતાં શરમ ન આવી કહેવામાં જરાપણ લજ્જાસ્પદ નથી થતો ? એક વખત ૧૮ વર્ષ સુધીના દિક્ષાના નિયમન માટે ભારે પોકાર પાડનાર આજે એને વધાવી લે છે તે કઇ નીતિ અને સિદ્ધાંત પર ? તેઓ વડોદરા રાજ્યના કાયદો પસાર કરાવવાના કાર્યને પશુબળના પરિચય સમાન લેખાવે છે. તે ભાઇને આજે ધારાસભા અને શ્રીમંત માટે એકાએક આટલો ઉમળકો ક્યાંથી આવ્યો ? આટલી હદસુધી નફટાઇ ભર્યું લખનાર વડોદરા રાજ્યની છાયામાં મ્હાલી શકે છે અને વડોદરા જેવું પ્રગતિ-માન રાજ્ય તેને આશ્રય આપે છે એ પણ એક તાજુબીની બીના છે. આટલેથી રાજ્ય સત્યને સમજી તે કોને આશ્રય આપે છે એ વિચારશે ?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભાઇ ધીરજલાલની ધૃષ્ટતાની હદ તો હજું આગળ આવે છે. એજ અંકમાં કહે છે.

**" આ નિબંધ જે રૂપે બહાર આવેલ છે તે કોઇપણ રીતે ઇષ્ટ નથી અને એથી એને અટકાવવા બનતા પ્રયાસ કરવા એ દરેક જૈનની હું ફરજ માનું છું ને તેવી ફરજ બજાવનાર ધન્યવાદને પાત્ર છે એમ ગણું છું. "**

તા. ૯—૧૧—૩૫ના અંકમાં લખે છે કે—

**" હમણાં તેઓએ એક નવું ધતીંગ ઉભુ કર્યું છે કે કારતક વદી ૪ ને દિવસે 'વડોદરા અન્યાય દિન' ઉજવવો. તેમની આ અક્કલ અને તાજુબી જોઇને તો ખરેખર ઘણાને તેમને માટે દયાજ ઉપજે તેમ છે! "**

એકમાં મી. ધીરજલાલ નિબંધ સામેની પ્રત્યેક હીલચાલને ધર્મ મનાવે છે તેજ ધીરજલાલ બીજામાં અક્કલની તાજુબી દર્શાવે છે. ખરી અક્કલની તાજુબી તો તેમની પોતાનીજ છે કે જેઓ આટલી હદસુધી જુઠ્ઠાણા ફેલાવવા પ્રયાસ કરે છે કેટલાક એવા હોય છે કે બીજાનો વિરોધ ન કરવો ભલે સંમત ન હોય, પણ આ ભાઇ તો વિરોધનીજ ભવાટવીમાં સ્વાર્થ લોલુપ્તાને તૃપ્ત કરવા ભટકી રહ્યા છે. એમનું ભ્રમ ક્યારે અને ક્યાં જઈ સમાપ્ત થશે એ અત્યારે કહેવું મુશ્કેલ છે.

ભાઈ ધીરજલાલને આ લેખમાળા પરથી સમાજ સાચા સ્વાંગમાં ઓળખી જશે અને ભવિષ્યે પણ ભૂલથી તેમની અટવીમાં આવતો બચી જશે તો પણ મારો આ પ્રયાસ સફળ થયો માની આત્મસંતોષ જરૂર લઇશ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હું મારી જાત માટે લેખક હોવાનો દાવો આગળ નથી કરતો પરંતુ શકિત મુજબ આજસુધી આ ભાઇને સાચા સ્વરૂપમાં કોઇએ રજુ કરેલ નથી તેવા સમયે અને જ્યારે પક્ષકાર બની બેઠેલા એ ભાઇએ સમાજમાં ભીષણ કલેશયુદ્ધ જમાવી સ્વાર્થ સાધવાની નેમ આગળ કરી છે ત્યારે મારા, એમને સત્ય સ્વરૂપ જણાવતાં આ લેખો ખરેખર સમાજને અને ખાસ કરીને વડોદરા રાજ્યને માટે ઉપયોગી અને કિંમતી થઈ પડયા વિના નહિંજ રહે એની મને ખાત્રી છે.

## ભાઈ ધીરજલાલ પ્રત્યે !

આજે ભાઈ ધીરજલાલમાં જ્ઞાનનો ગમે તેટલો ભંડાર ભર્યો હોય કે શતાવધાન કરી શકતા હોય પરંતુ તેઓએ પણ આ ઉપરથી બોધપાઠ લેવાનો છે કે હવે તેમનું જુઠ્ઠાણું કે દંભ જરાપણ નભી નહિં શકે, તમને તો આ લેખમાળા કદાચ ઈર્ષાભાવેજ લખાયેલી લાગશે પરંતુ ભાઈશ્રી! મારે અને તમારે કોઈ દિવસ એવો કોઈ વૈર કે વિરોધનો પ્રસંગજ ઉપસ્થીત થયો નથી, કોઈ જાતની લેવડ દેવડનો સંબંધ પણ નથી. એકપણ અથડામણમાં આવ્યા નથી. પરંતુ જ્યારે મને જણાયું કે તમારૂં પત્રકારિત્વ વિખવાદની ભુમિકા તૈયાર કરી રહ્યું છે, તમારા વિચારોમાં વિકૃતિ પેઠી છે, સમાજમાં વધુ ચીનગારીઓ મૂકવાના પ્રયાસો કરો છો, ત્યારેજ સત્ય શું છે કેટલી હદે જુઠ્ઠાણા નભી રહ્યા છે એ બતાવવાનો આ નમ્ર પ્રયાસ કર્યો છે. મારો આ પ્રયાસ ખરેખર સફળ ત્યારેજ માનું કે જ્યારે જ્યારે તમો અગાઉ રચેલા સિદ્ધાંતની આણામાં રહો. આ ઉપરથી કાંઈપણ સદ્બોધ લઈ તમારા જીવનમાં ઉતારો, અસત્યનો પ્રતિકાર કરો અને સત્યને કડવું હોય છતાં સમાજ અને શાસનના હિતો દ્રષ્ટિ સમિપે રાખી ગળે ઉતારો. તેનો જે આસ્વાદ આવશે તેથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com